સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

જૂન - ૨૦૧૦
બે વર્ષ લવાજમ રૂ.૧૬૦/-








શ્રી ઘનશ્યામ મહારાજ - મહુવા







પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં
તા. ૨૫-૫-૨૦૧૦ના રોજ યોજાયેલ મહુવા મંદિરમાં બિરાજમાન

## દેવોનો ૩૧મો વાર્ષિક પાટોત્સવ



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના સંપૂર્ણ સાથ-સહકારથી જૂનાગઢ પ્રદેશના ચાંદગઢ (જી. અમરેલી) ગામને આંગણે નવનિર્માણ પામેલ ભવ્ય નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં અને ધાધલ તથા કથીરીયા પરિવાર (ચાંદગઢ)ના મુખ્યયજમાનપદે યોજાયેલ 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૧૫ થી ૧૯-૫-૨૦૧૦)



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના સંપૂર્ણ સાથ-સહકારથી ગઢપુર પ્રદેશના ગણેશગઢ (જી. અમરેલી) ગામને આંગણે નવનિર્માણ પામેલ ભવ્ય નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં અને સુહાગીયા પરિવાર (ગણેશગઢ)ના મુખ્યયજમાનપદે યોજાયેલ 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૧૯ થી ૨૫-૫-૨૦૧૦)



:: સંસ્થાપક :: :: અધ્યક્ષ ::

# શ્રી સ્વામિનારાયણ ચિંતન


વર્ષ :- ૫, અંક :- ૧૨, તા. ૨૦-૦૬-૧૦

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**તંત્રી :** સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : રૂા. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |

:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardhardham.org
www.swaminarayanvadtalgadi.org
**E-mail :** chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com


વડતાલ પીઠાધિપતી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા સંસ્થાપતિ સામયિક

૫

## શ્રી સ્વામિનારાયણ ચિંતન

## સામયિકના સફળતાના પાંચ વર્ષ પૂર્ણ...

## :: અનુક્રમણિકા ::


૧ 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' સામયિક(અંક)ના પ્રારંભના ઉચ્ચ હેતુઓ અને તદનુસારી પાંચ વર્ષની સફળ કાર્યશ્રુતિ... ૦૪
- સંપાદક

૨ ગરવી ગૂર્જરધરાને સત્ય-અહિંસારૂપી આભૂષણોની ચૂંદડી ઓઢાડી સોળે શણગાર સજાવનાર સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ... ૦૬
- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પા. ખુશાલ ભગત

૩ ભરોસો એજ ભજન... ભજન એજ ભરોસો... ૧૦
- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પા. કુણાલ ભગત


૪ સત્સંગ સમાચાર ૨૩
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ ધર્મવલ્લભદાસજી


૫ આગામી ચારધામસ્પેશ્યલ ટ્રેનયાત્રા... ૩૪
- સંકલિત

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિધમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સંસ્થાપિત

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું મુખપત્ર

# 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' સામયિક(અંક)ના પ્રારંભના ઉચ્ચ હેતુઓ અને તદનુસારી પાંચ વર્ષની સફળ કાર્યશ્રુતિ...




વ્હાલા ભક્તજનો ! ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેક જીવાત્માઓના આત્યંતિક કલ્યાણને અર્થે પ્રવર્તાવેલા સંપ્રદાયના સાચા સિદ્ધાંતો અને રીતભાતની પ્રણાલિકાને સંપૂર્ણ ખ્યાલમાં રાખી, **ષડંગી સંપ્રદાયના તમામ અંગો**ની **પુષ્ટિ**ના મુખ્ય હેતુથી ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરી આજ્ઞા-ઉપાસનાને યથાર્થ રીતે હજારો ભક્તજનોના હ્રદય સુધી પહોંચાડીને, જીવાત્માનું આખરી અને છેલ્લું લક્ષ **પરમાત્માની પ્રાપ્તિ** એ જ છે; તેનું સતત **અનુસંધાન** રહે અને આ લોક-પરલોકમાં સદાય શ્રેયસ્કારી **સત્ય માર્ગ**ને ક્યારેય ભૂલી ન જાય ને તેની સ્મૃતિ, વિશાળ સત્સંગરૂપી કુટુંબના દરેક સભ્યજનોને સદાય રહ્યા કરે, જેથી દરેક ભક્તજન પોતાના સમગ્ર કુટુંબ પરિવારમાં પણ **આનંદ સહિત સંસ્કાર**ની **દિવ્ય સૌરભ** પ્રસરાવીને તેમના જીવનનું **અનેરું ઘડતર** કરે એવા શુભ હેતુથી પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિધમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા **આશીર્વાદ** સહ **આજ્ઞા**થી અને **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની **શુભ પ્રેરણા**થી તા. ૨૦-૬-૨૦૦૫ના દિનથી **'માસિક'** સામયિક **અંકરૂપે** સંસ્થાપિત કરાયેલું આ **'શ્રી સ્વામિનારાયણ ચિંતન' પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન મુજબ **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**થી દર મહિને **પ્રસિદ્ધ** કરવામાં આવે છે, જેના આજે **પાંચ વર્ષ** પૂર્ણ થયા છે ત્યારે જે ઉમદા હેતુઓથી આ **'ચિંતન' અંક** ગત પાંચ વર્ષ દરમ્યાન સર્વને ખૂબજ સંતોષકારક રીતે પ્રકાશિત થતો રહ્યો છે.

આ માસિક અંકમાં પુરા પાંચ વર્ષ સુધી **ઉચ્ચતમ લેખો**માં આવતી **વાક્ય રચનાઓ, આદર્શ પ્રુફરીડીંગ, શ્રેષ્ઠ કાગળની ગુણવત્તા, અંક પ્રકાશનની નિયમિતતા** - ઉપરાંત પાંચ વર્ષ દરમ્યાન **૧૦ અંકો ફોરકલર** સાથે; પાંચ વર્ષમાં **૬૫૦** રૂપિયાના મૂળ **ખર્ચ** સામે ફક્ત **૩૫૦** રૂપિયાનું પંચવાર્ષિક **લવાજમ** અંકના ખર્ચ તરીકે રાહતદરે સ્વીકારી ખરેખર આ **'ચિંતન'** માસિક અંકે સંપ્રદાયની સર્વ શ્રેષ્ઠ સેવા કરેલ છે. અને એ હેતુથી જ સંપ્રદાયમાં વર્ષોથી પ્રકાશન થતા વિવિધ અનેક માસિક અંકોમાં આ **'સર્વશ્રેષ્ઠ અંક'** છે તેવું ગૌરવભર્યું પ્રશંસાપાત્ર સ્થાન પ્રાપ્ત કરી સમગ્ર સંપ્રદાયમાંથી તેમજ વિવિધ અનેક ક્ષેત્રોમાંથી પણ સર્વશ્રેષ્ઠ અંક તરીકેની **શુભેચ્છાના અનેક પત્રો** પ્રાપ્ત થયેલ છે. તે પણ આ ચિંતન અંક માટે અને શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર માટે પણ સત્સંગ સાહિત્ય પ્રકાશન ક્ષેત્રે **ગૌરવની વાત** છે. અને તે સર્વેને પણ ખૂબજ હિતકારી આનંદની વાત હોવાથી તેનો સમગ્ર યશ સર્વકર્તા **ભગવાન શ્રીહરિ**ને જ સમર્પણ કરવાપૂર્વક **અત્રે ઉલ્લેખ** અસ્થાને નહિ ગણાય એમ માનું છું.

✤ ✤ ✤

આ ચિંતન માસિક અંક હજુ પણ સાહિત્યક્ષેત્રે પ્રતિદિન સંપ્રદાયની સર્વોત્તમ વધારેને વધારે અનુપમસેવા કરી શકે એટલા માટે પૂ. સ્વામીશ્રી દ્વારા **'ચિંતન'** અંકના પ્રારંભ પૂર્વે એકાદ મહિનો અગાઉથી ભક્તજનો પ્રત્યે લખાયેલ **ભલામણના શબ્દો** સહિત **શુભ હેતુઓ**ને તેના **અવિસ્મરણ પૂર્વક** ભવિષ્યમાં પણ **પ્રેરક** બની રહે તેવા શુભ હેતુથી અત્રે **પુનઃ પ્રસ્તુત** કરીએ છીએ :-

## આ સામયિકની વિશેષતા :

- ઘણોજ સુંદર તેમજ લેખની દૃષ્ટિએ **અતિ ઉચ્ચ ગુણવત્તા** ધરાવ તો આ **પ્રથમ અંક** હશે.
- સંપ્રદાયના **સાચા સિધ્ધાંતો, રીત** અને **પ્રણાલિકા**ને સંપૂર્ણ ખ્યાલમાં રાખી પ્રકાશન થતો કદાચ આ **પ્રથમ અંક** હશે.
- ષડ્અંગી સંપ્રદાયના **તમામ અંગો**ને **પ્રાધાન્યપણું** આપી મહારાજની સર્વોપરી આજ્ઞા-ઉપાસનાને સારધાર રીતે હજારો ભક્તોના હ્રદય સુધી પહોંચાડનારો કદાચ આ **પ્રથમ અંક** હશે.
- જીવાત્માનું આખરી અને છેલ્લું લક્ષ **પરમાત્માની પ્રાપ્તિ** તેજ છે. તેનું સતત અનુસંધાન રખાવી **કોઈ રીતે જીવાત્મા પોતાનો સાચો મારગ ભૂલી ન જાય** તેની **સતત યાદ** અપાવતો કદાચ આ **પ્રથમ અંક** હશે.

## જો આપ આ સામયિકના ગ્રાહક બનશો તો :


- આ દિવ્ય અંકના દરરોજ વાંચનથી તમે સ્વયં એક **સાચા કર્મનિષ્ઠ હરિભક્ત** બની બીજાને પણ તેવા જ ભક્ત બનાવી શકશો.
- આ અંકને ઘરમાં વસાવી ઘરના સદસ્યોના **વિચારો**ને જડમૂળથી ફેરવી શકશો. **ઘર એક મંદિર બની જશે.** અને ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમજ તેમના સંતો-ભક્તોએ આ બ્રહ્માંડમાં પધારી જીવાત્મા ઉપર કરેલા **ઉપકારો**નો **સંપૂર્ણ ખ્યાલ** આવતા તેમની પ્રત્યે અતિ **અહોભાવ** પ્રગટ થશે. અને સ્વયં દિવ્ય બની જવાશે.
- ભગવાન શ્રી સ્વામિનારાયણ શા માટે **સર્વોપરી ભગવાન** કહેવાય છે અને તેના આશ્રિતો કેમ આટલા બધા સુખી છે તે વાત સ્પષ્ટપણે આ અંકના માધ્યમથી સમજી શકાશે.
- સંપ્રદાયમાં થતા **સત્સંગ**ના **કાર્યના સમાચાર** ઘેર બેઠા આપ દરેક મહિને **સંતોષકારક** રીતે પ્રાપ્ત કરી શકશો.
- જીવાત્માને ઉચ્ચસ્તરે પહોંચાડી **મહારાજનું મિલન** કરાવી આપે તેવા **વિધવિધ લેખો** આ અંકના માધ્યમથી ઘેર ઘેર પહોંચાડી શકાશે.


## અમારા તરફથી ભલામણ

વ્હાલા ભક્તજનો ! **ભગવાન શ્રી સ્વામિનારાયણ** અને તેમને સ્થાને બિરાજતા **પ.પૂ. આચાર્યજી મહારાજ** તેમજ તેમને વ્હાલા એવા **સંતો-ભક્તો**ને રાજી કરવા તેજ આ માસિક અંકના **પ્રકાશન**નો **મુખ્ય હેતુ** છે.

મારા તરફથી આપને ખાસ એટલી જ **ભલામણ** છે કે કોઈપણ કાર્યમાં એકલા હાથે તાળી પડતી નથી. તે ન્યાયે આપ આ અંકના જરૂરને જરૂર ગ્રાહક બનજો, બનાવજ્યો અને ભગવાને આપના ઉપર મહેર કરી હોય તો બીજા સગાસંબંધી યા પાડોશી કે ગરીબ હરિભક્તના લવાજમની રકમ પણ આપ ભરી એક કરતા વધારે સભ્યના નામ લખાવી આ અંકના ગ્રાહક બની **સંપ્રદાયની સુવાસ** અને **દિવ્યતા**ને લોકો સુધી પહોંચાડવામાં જરૂર **સહભાગી** થાશોજી.

- સંપાદકશ્રી
















ગુજરાત રાજ્ય સ્થાપનાના **પચાસ વર્ષની 'સ્વર્ણિમજયંતિ'** પ્રસંગે ગુજરાતના સંસ્કાર ઘડતરમાં નવો પ્રકાશ પાથરનાર ભગવાન શ્રીહરિને દિવ્ય ભાવાંજલિ...



# ગરવી ગુર્જરધરાને સત્ય-અહિંસારૂપી આભૂષણોની ચુંદડી ઓઢાડી સોળે શણગાર સજાવનાર સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ

- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પા. ખુશાલ ભગત - સરધાર

**'પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ,**
**અધર્મ અંધારું ટાળિયું...'**

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીન, જેને સંપ્રદાયમાં **'મા'**નું બિરુદ પ્રાપ્ત થયું એવા સ.ગુ. **શ્રી મુક્તાનંદ સ્વામી**એ ગાયેલી આ પંક્તિ; અઢારમી સદીના ઘોર દુર્ભેદ્ય અંધકારને ઉલેચનાર ભગવાન શ્રી સ્વામિનારાયણને ખૂબ ઉચિત અંજલિ અર્પે છે.

સને ૧૭૮૧માં બીજી એપ્રિલે, અયોધ્યા પાસે છપૈયા ગામે ઉચ્ચ સરવરિયા બ્રાહ્મણ કુળમાં પ્રગટેલા આ અવતારી પુરુષે, બાળવયમાં જ તીવ્ર બુદ્ધિમત્તા, વિદ્વત્તા અને દિવ્યતાનો અસાધારણ અનુભવ કરાવ્યો; માત્ર ૧૧ જ વર્ષની કુમળી વયે ગૃહત્યાગ કરીને માનસ સરોવરથી લઈને નેપાળમાં મુક્તનાથ-પુલહાશ્રમસુધી ઉત્તુંગ હિમશિખરોમાં કઠોર તપશ્ચર્યા કરી. પૂર્વના સુંદરવન જેવાં ઘોર જંગલોથી લઈને છેક કન્યાકુમારી સુધી ખુલ્લા પગે **એકાકી વિચરણ** કર્યું અને ભારતભરના પરિવ્રાજક બનીને છેલ્લે **ગુજરાતમાં પ્રવેશ** કર્યો. એ વખતે અઢારમી સદી વળાંક લઈ રહી હતી. એમની તીક્ષ્ણ નિરીક્ષક બુદ્ધિએ **ભારતવર્ષનું બારિક અવલોકન** કર્યું હતું.

ગુજરાતની ધરતી સતત ચાલતાં રહેતાં **લોહિયાળ** યુદ્ધોની રણભૂમિ બની ચૂકી હતી. સત્તાલાલસાનાં યુદ્ધોમાં નિર્દોષ પ્રજા વધુ ને વધુ પિસાતી જતી હતી. બીજી તરફ, એ કાળે થયેલી **ધાર્મિક ક્ષેત્રની દુર્ગતિ** પણ હતાશા પ્રેરક હતી. ભોળી, અજ્ઞાની અને વહેમી પ્રજાને દબાવી દબાવીને જમાતો પોતાની જંગાલિયતને પોષતી હતી. વૈદિક ધર્મના તમામ આદર્શોને વિસારી દઈને મદ્ય, માંસ અને મૈથુનમાં જ એવા લોકોનો ધર્મ સમાઈ જતો હતો. આવા **અંધકારમય યુગ**માં ગુજરાતમાં **ભગવાન શ્રી સ્વામિનારાયણનું આગમન** કેટલું સમસામયિક, ઉચિત અને એ અંધકારને વિદારનારું બની રહ્યું હતું!

ભગવાન શ્રી સ્વામિનારાયણની સમકાલીનમાં જ સને ૧૮૨૩માં લંડનથી પ્રકાશિત થયેલ **'એશિયાટિક જર્નલ'**માં, ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલાં એ આમૂલ પરિવર્તનોની નોંધ લેતા લખ્યું છે : ''પ્રાંતના શ્રેષ્ઠ બુદ્ધિશાળી માણસો માને છે કે **શ્રી સ્વામિનારાયણના ઉપદેશે લોકોની નૈતિકતાને સુધારવામાં ખૂબ મહાન અસર પાડી છે...** મારો પોતાનો સ્થાનિક દેશવાસીઓ સાથેનો અનુભવ-વાર્તાલાપ પણ મને એ જ અભિપ્રાય બાંધવા પ્રેરે છે.''

આવો આપણે પણ ગુજરાત રાજ્ય પોતાની સ્થાપનાનાં પચાસ વરસ પૂરા કરીને ઉપવનગમન કરતું હોય ત્યારે, ગુજરાત તથા ગુજરાતની બહાર વસેલાં તમામ ગુજરાતીઓ **'સ્વર્ણિમગુજરાતના મહોત્સવ'**માં મગ્ન હોય ત્યારે દેશ-વિદેશના સમર્થ તત્ત્વચિંતકો અને મહાપુરુષોની કલમે 'અતો તતો સર્વતો ભ્રષ્ટઃ' થયેલો **ગુર્જરપ્રદેશ** નષ્ટ થવાની અણીએ પહોંચેલો ત્યારે તેના કંકાલતંત્રમાં પ્રાણ ફૂકવા આવી પહોંચેલા

અને ગરવી ગુર્જરધરાની કરવટ બદલનાર કર્ણધાર **સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ** વિષે આલેખાયેલી **ભાવાંજલિ** તેમના જ શબ્દો દ્વારા આ અંક દ્વારા માણીએ...

"જે કાર્ય એક સહજાનંદે **ગુજરાત**માં કર્યું છે તે **રાજદંડ** ન કરી શક્યો ને નહીં જ કરી શકે."

"હિન્દુસ્તાનમાં ઘણા ધર્મો છે પણ **સ્વામિનારાયણ ધર્મ** પ્રશંસનીય, શુદ્ધ અને આકર્ષક છે. મને આ ધર્મ વિષે ઘણું માન છે." - **રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી**

"છેવટે ગુજરાત, સહજાનંદજીને યાદ કરશે તે સંત તરીકે નહીં, ધર્માચાર્ય તરીકે નહીં, સાહિત્યપ્રેરક તરીકે નહીં.... પણ એમણે જનતામાંથી માંસ, દારુ, વ્યભિચાર, અસત્ય ને ચોરી - એ પાંચ મુખ્ય બદીઓ દૂર કરી તેને માટે, એમણે ગુજરાતના પશુ જેવા માણસોને માણસો બનાવ્યા તેટલા માટે. સહજાનંદ સ્વામી ન હોત તો આપણે ગુજરાતને **'ગરવી'** કહીએ એવું ન હોત, ગુજરાતમાં જે **સદાચાર** છે તેને સ્થાને એ જોવું ન ગમે તેવું ગંદું હોત.

આજે જે ગુજરાતનું નામ સાંભળી આપણું હૈયું ઊછળે છે તેને બદલે **સહજાનંદ સ્વામી ન હોત** તો ગુજરાતનું નામ સાંભળતાં આપણને **શરમના માર્યા નીચું જોવું પડત.** એટલે આજે, ગુજરાતમાં જે સદાચાર છે, અહિંસા છે, ગુજરાત ગુણવંતું છે, તેમાં **શ્રી સહજાનંદજીનો ફાળો** જેવો તેવો ન કહેવાય.

ગુજરાતને અધમ દશામાંથી ઉગારનાર અને અણીને વખતે આવીને ગુજરાતનો ઉદ્ધાર કરનાર, અધમોદ્ધારક ને પતિતપાવન સહજાનંદજીને દરેક **ગુજરાતીના વંદન** છે. ગુજરાતનું તેજ ઝાંખું ન પડવા દેનાર, **જ્યોતિર્ધર** તરીકે શ્રી કનૈયાલાલ મુનશી જેને ઓળખાવે છે એવા ગુજરાતના મહાપુરુષોમાં સહજાનંદજીનું સ્થાન પહેલી હરોળમાં જ છે." - **શ્રી ચંદ્રવદન મહેતા (જાણીતા સાહિત્યકાર)**

"જે સમયે **ગુજરાત-કાઠિયાવાડ**માં અંધકાર છાઈ રહ્યો હતો, તે વખતે પોતાના પ્રતાપથી અનેકનાં હૃદયોને પ્રકાશ પમાડનાર, અનેકનાં ચિત્તનું આકર્ષણ કરી તેમને ગુરુવચને ચૂરેચૂરા થઈ જાય એવા સ્વવશ કરી મૂકનાર, કાઠી-કોળી જેવા અનેકની ચૌર્યવૃત્તિઓને ચોરી લેનાર, લુપ્ત થયેલા બ્રહ્મચર્યાશ્રમને પુનઃ સ્થાપનાર, નિરંકુશ અને સ્વચ્છંદી બનેલા ત્યાગાશ્રમને ઉજ્જ્વલ કરનાર, પતિત થયેલા ગુરુઓ અને આચાર્યો માટે સંયમનો આદર્શ બેસાડનાર, સ્ત્રીઓને સમાજ તથા સંપ્રદાયમાં ચોક્કસ સ્થાન આપી તેમની ઉન્નતિ કરનાર, અહિંદુને હિંદુ ધર્મમાં શામિલ કરનાર, શૂદ્રોને આચારશુદ્ધિ શીખવનાર, સાહિત્ય-સંગીત તથા કળાના પોષક, અહિંસામય યજ્ઞના પ્રવર્તક, ક્ષમા ધર્મના ઉપદેશક, શૌચ અને સદાચારના સંસ્થાપક, શુદ્ધ ભક્તિમાર્ગ અને શુદ્ધ જ્ઞાનમાર્ગના ચાલક, ભાગવતધર્મના શિક્ષક તથા વ્યાસસિદ્ધાંતના બોધક એવા **શ્રી સહજાનંદ સ્વામી** હતા."

"શ્રી સહજાનંદ સ્વામીએ લગભગ ૩૦ વર્ષ સુધી સતત પરિશ્રમલઈ લોકોને શુદ્ધ માર્ગે ચઢાવ્યા; પોતાના પ્રતાપથી અનેકનાં હૃદયોને પ્રકાશ પમાડ્યો. ઊંચી, હલકી, હિન્દુ, અહિન્દુ સર્વ કોમોને પોતાનો સંદેશો પહોંચાડવા એમણે જે યોજક બુદ્ધિ ખર્ચી, જોખમો ખેડ્યાં અને સાધકો તૈયાર કર્યા તે **બુદ્ધદેવ**ની સ્મૃતિ કરાવે છે. **પોતાના કાળના પ્રસિદ્ધ પુરુષોમાં સહજાનંદ સ્વામી સૌથી મહાન હતાં.** તે કાળના મુમુક્ષુઓને **પુરુષોત્તમ** તરીકે **ઉપાસના કરવા યોગ્ય** હતા." - **શ્રી કિશોરલાલ મશરૂવાલા (પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક)**

"શ્રીજીએ પ્રર્વતાવેલા ધર્મમાર્ગની **લાક્ષણિકતા** શી લેખાય ? એ ધર્મમાર્ગ છે આચાર સ્વચ્છતાનો, વિચાર સ્વચ્છતાનો, વિધિ સ્વચ્છતાનો, પૂજન સ્વચ્છતાનો, વ્યવહાર સ્વચ્છતાનો, અંતર સ્વચ્છતાનો, સર્વદેશીય અન્તર્બહિર્ સ્વચ્છતાનો એ ધર્મમાર્ગ છે અને

સ્વર્ણિમ ગુજરાત
1960 - 2010

"...આજે જે ગુજરાતનું નામસાંભળી આપણું હૈયું ઊછળે છે તેને બદલે સહજાનંદ સ્વામી ન હોત તો ગુજરાતનું નામસાંભળતાં આપણને શરમના માર્યા નીચું જોવું પડત. એટલે આજે, ગુજરાતમાં જે સદાચાર છે, અહિંસા છે, ગુજરાત ગુણવંતું છે, તેમાં શ્રી સહજાનંદજીનો ફાળો જેવો તેવો ન કહેવાય.
ગુજરાતને અધમ દશામાંથી ઉગારનાર અને અણીને વખતે આવીને ગુજરાતનો ઉદ્ધાર કરનાર, અધમોદ્ધારક ને પતિતપાવન સહજાનંદજીને દરેક ગુજરાતીના વંદન છે..."
**શ્રી ચંદ્રવદન મહેતા**
**(જાણીતા સાહિત્યકાર)**

એથી જસ્ટિસ રાનડે (ન્યામૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે) શ્રીજીમહારાજને 'Last of the old Hindu reformers' (અર્થાત્ **સ્વામી શ્રી સહજાનંદ** મધ્યયુગીન **હિંદુ ધર્મ**ના છેલ્લા **સુધારક** હતા) એમ કહેતા. ભાંગ, ગાંજો, તમાકુ તજાવી શ્રીજીએ ગૃહસ્થીના જીવન નિર્માદક કીધા. રંગેલા તુંબડા ફોડાવી શ્રીજીએ નિર્મોહી કીધા, બાઈ ભાઈનાં દર્શનદ્વાર નિરનિરાળાં સ્થપાવી શ્રીજીએ દેવમંદિરોને પવિત્ર કીધાં, પંચવર્તમાન ધરાવીને સાંપ્રદાયિકોને આચારશુદ્ધ કીધા, શિક્ષાપત્રી આપી વ્યવહારશુદ્ધ કીધા, વચનામૃત સંભળાવી જ્ઞાનશુદ્ધ કીધા, પ્રેમભક્તિ વર્ષાવી અંતરશુદ્ધ કીધા, પર્વો-ઉત્સવો-સમૈયા ઉજવાવી જનતામાં **ઉત્સાહ** ઉભરાવ્યો. ભવ્ય મંદિરો, અહિંસાત્મક યજ્ઞો, વિશુદ્ધ પૂજાવિધાન, પારણાં-હિંડોળા-વસંતપંચમી, જન્માષ્ટમીના વૈષ્ણવી મહોત્સવો, જળઝીલણી અને રામનવમીના સમારંભો કરી જનતાને જગાડી. **પરિવ્રાજકની પેઠે ગામડે ગામડે ઘુમી જનતાને ઉમંગી કીધી,** ભાવ હિંડોલે હીંચકાવી. પ્રજાને ઉત્સાહ પાયો. સંસારને સજીવન કીધો.

મહાપુરુષો સંસારને સંજીવની છાંટે છે. સ્વામિનારાયણે આપણા **ગુજરાત**ના સંસારને સંજીવની છાંટી **સજીવન** કીધો હતો.

"...સ્વામિનારાયણે શું કર્યું ? એ ઈતિહાસપ્રશ્નનો ઉત્તર એક જ સૂત્રમાં પૂછો તો એટલો જ છે કે શ્રીજીમહારાજે ગુજરાતને સરયૂનીરથી ધોઈ બ્રહ્મભીનો કીધો. નવયુગના પ્રભાતના સ્વામિનારાયણ પ્રભાતસૂર્ય હતા..."

**મહાકવિવર શ્રી ન્હાનાલાલ દલપતરામ**

સ્વામિનારાયણે શું કર્યું ? એ ઈતિહાસપ્રશ્નનો ઉત્તર એક જ સૂત્રમાં પૂછો તો એટલો જ છે કે **શ્રીજીમહારાજે ગુજરાતને સરયૂનીરથી ધોઈ બ્રહ્મભીનો કીધો.** નવયુગના પ્રભાતના સ્વામિનારાયણ **પ્રભાતસૂર્ય** હતા."

**- મહાકવિવર શ્રી ન્હાનાલાલ દલપતરામ**

"બ્રાહ્મણ, બહુશ્રુત વિદ્વાન, ચુસ્ત વૈષ્ણવ અને આદર્શ સંન્યાસી-સાધુ એવા આ સુધારકે પોતાના જીવન અને કાર્યથી **ગુજરાતના સંસ્કાર ઘડતરમાં નવો પ્રકાશ પાથર્યો.** આ રીતે તેમના આગમનથી જાણે એક અંતિમ **ધાર્મિક યુગ**નો **પ્રતિનિધિ** ઓગણીસમી સદીના ઊંબરે આવીને ઊભો રહ્યો. તેમણે સમાજમાંથી દૂષણો દૂર કર્યા અને નીતિની સમજણના સાચા ધોરણો પ્રસરાવ્યાં. તેમણે તત્કાલીન સમાજમાં ખૂબજ વ્યાપ્ત એવા વ્યભિચાર અને દુઃખો દૂર કર્યાં. **તેમના પ્રયત્નોથી ગુજરાતનો નીતિભ્રષ્ટ વર્ગ સુધર્યો અને નીતિવાન બન્યો.**"

"ગુજરાતના મહાન **જ્યોતિર્ધરો**માં સ્વામી શ્રી સહજાનંદજીનું સ્થાન અગ્રસ્થાને રહ્યું છે."

**- શ્રી કનૈયાલાલ મુનશી (જાણીતા સાહિત્યકાર)**

"જે ઉપદેશ સ્વથી શરૂ થતો ન હોય, તે કદાચ મનોરંજન કરી શકે પણ **મનોપરિવર્તન** નહિ, કારણ કે પાયામાં સાંભળનાર ને કહેનારમાં જ અમલ નથી, એટલે અવિશ્વાસ પેદા થાય છે. આવી સામાજિક શુચિતા એ કાલે અનેક જાતના વાંસપંજાઓ, હિંસકયજ્ઞો અને વેદાંતની તર્કજાળને લીધે લોપ થતી હતી. તેનો જીવના જોખમે શ્રીજીમહારાજ અને તેમના મંડળે **ઉદ્ધાર** કર્યો.

શ્રીજીમહારાજે વેદાંતનો તે કાળે જે અર્થ થતો હતો તેનો વિરોધ કર્યો. સાકાર, સગુણ-મૂર્તિપૂજા, ઓચ્છવોને સ્થાપ્યાં. દારુ-અફીણ, દીકરીઓનો દૂધપીતી કરવાનો રિવાજ, માંસાહાર આ બધાંને ગમે તે પરંપરાનું, ધર્મકથાનું સમર્થન હોય તો પણ નિષેધ પ્રબોધ્યો છે. તો તેમના અસાધારણ બુદ્ધિસ્વાતંત્ર્ય અને મનોબળનું સાક્ષી છે. તેમણે જે કંઈ કહ્યું તે સ્વાનુભાવના જોર પર કહ્યું છે."

**- શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' (સુપ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર તથા શિક્ષણશાસ્ત્રી)**

"પ્રામાણિક અને ઉદ્યોગી, પોતાની ફરજ અદા કરનારા દૃઢ નિશ્ચયવાળા અને નીતિના દરેક નિયમનું દૃઢ પાલન કરવાવાળા, નિર્દંભ, નિષ્કપટ અને નિર્દોષ જીવન ગાળવાવાળાં **સ્ત્રીપુરુષોથી આ સંપ્રદાયે દેશને આબાદ કર્યો** અને સમાજમાં શાંતપણે બાહ્ય આડંબર વિનાનો **ફેરફાર** કરી નાંખ્યો. **સમગ્ર ગુજરાતમાં** તે પ્રસરી ગયો. અને **પોતાના અનુયાયીઓ** ઉપર તેમજ **ઈતર સંપ્રદાયના અનુયાયીઓ** ઉપર પણ **અસર** થઈ અને તેમના

પ્રત્યક્ષ તથા પરોક્ષ ઉપદેશને લીધે તથા તેમના સાહિત્યના પ્રચારને લીધે તે જન સમાજના હૃદય ઉપર દૃઢ જામી ગઈ.''

- શ્રી ઈશ્વરલાલ મશરૂવાલા

''તેઓએ **ગુજરાત-કાઠિયાવાડ**ની હલકી જાતિઓ પાસે મદ્યમાંસનો ત્યાગ કરાવી, હિંસાનો પણ ત્યાગ કરાવી, નાહવા ધોવાનો આચાર શીખવી તેમનો **ઉદ્ધાર** કર્યો એ **મોટું કામ** કર્યું છે.

ગુજરાતની વસ્તીના જે વર્ગમાં હજુ સુધી કોઈ સંપ્રદાયે પ્રવેશ કર્યો નહોતો, તે વર્ગમાં આ **નવો પંથ** ચાલ્યો. અને એ પંથની છાયામાં એ વર્ગ કાંઈક ઊંચો આવ્યો... વર્તમાનમાં આ દેશનાં કરોડો હૃદયોને દુઃખમાં શાંતિનું તથા ઈશ તત્ત્વમાં આશ્રયનું દ્વાર કેવળ આ વૈષ્ણવ ધર્મનો પ્રવાહ આ દેશના **લોકસમૂહનો ઉદ્ધારક** બની ગયો છે. અને હજી ઘણાં વખત સુધી બની રહેશે.''

- શ્રી દુર્ગાશંકરભાઈ શાસ્ત્રી

''સહજાનંદ સ્વામીના ઉપદેશથી **ગુજરાત-કાઠિયાવાડ**ની ઘણી ક્રૂર અને વઢકણી જાતો **કોમળ** અને **શાંત** થઈ છે તથા પ્રભુ તરફ વળી છે.''

- શ્રી આનંદશંકર બાપુશંકર ધ્રુવ (વિખ્યાત ચિંતક)

''મહાગુજરાતમાં ત્રીસેક વર્ષના ધર્મચક્રપ્રવર્તનરૂપે સાર્થવંતુ ઠરતું **સ્વામિનારાયણનું અવતારકાર્ય** જગત-ઈતિહાસે વિરલ છે. ગુજરાત-ઈતિહાસે અદ્વિતીય અને વિપ્લવકારી છે.''

- શ્રી વિજયરાય વૈદ્ય (ગુજરાતી ભાષાના વિવેચક)

''કરવા પૂરતી જ સહજાનંદ સ્વામી (સ્વામિનારાયણ)ની પ્રતિભા સીમિત ન રહેતાં, તે જમાનાનાં પ્રદૂષણો સામે અને **સમગ્ર ગુજરાતમાં હજારો કમનસીબ માનવીઓ** કે અત્યાર સુધી જેમની આજીવિકાનો આધાર અચોક્કસ અને ગેરકાયેદસર પ્રવૃત્તિઓ પર હતો, તેમના ઉત્કર્ષ તરફ પણ દોરાઈ છે. વિશાળ ઝુંડોને તેમણે **પ્રામાણિક અને ઉદ્યમી જીવનના પંથે** વાળ્યા છે. એમાંથી આ દિશામાં એમની સફળતાના **અનેક પુરાવાઓ** મળી રહે છે. **અગાઉની પરિસ્થિતિ**ની સરખામણીએ, રાજ્યનું હાલનું **શાંત વાતાવરણ** ભગવાન સ્વામિનારાયણ માટે **ગ્રંથોના ગ્રંથો** રચશે.''

- મિ. હેન્રી જ્યોર્જ બર્જેસ (બ્રિટિશ ઈતિહાસકાર)

ભારે જહેમત વેઠીને, ભારે સંકટો વેઠીને અને પોતાની પરમહંસ મંડળીને પણ દુઃખ વેઠતી જોઈને - હંમેશા ક્રોધ કર્યા વગર, **અહિંસાત્મક રીતે** કોમળતાથી અને કોમળ ભાવોનું જતન કરીને તેમણે **એક વાતાવરણ** સર્જ્યું. જે વાતાવરણનો હિસ્સો આપણી **ગુજરાતની સંસ્કૃતિ**ને ઘડવામાં, તેને ઉછેરવામાં સંસ્કારવામાં અને અર્વાચીન પ્રત્યે અભિમુખ કરવામાં **સાર્થક** બને છે.''

- શ્રી યશવંત શુક્લ (પ્રસિદ્ધ સાક્ષરરત્ન)

''આ પંથની સારી રહેણી કરણીથી જ ગરીબ વર્ગ એ તરફ વધુ ખેંચાયો છે અને તેમનો કંઈક અંશે તેથી ઉદ્ધાર પણ થયો છે. કાઠિયાવાડમાં તો મુસલમાનોએ (ખોજાઓએ) પણ **સહજાનંદ સ્વામીની કંઠી** ધારણ કરી છે. **આચાર-વિચાર બંનેમાં સહજાનંદ સ્વામીના આ પંથે લોકોને શુદ્ધ બનાવ્યા છે.** આ ધર્મની **વિશેષતા** તો એ છે કે કાઠિયાવાડની કેટલીક તોફાની અને લૂંટફાટનો જ ધંધો કરનારી જાતિઓ એના ઉપદેશને પરિણામે પોતાનો ધંધો છોડીને સુધારાની હારમાં આવી ગઈ છે.''

- શ્રી કૃષ્ણલાલ મો. ઝવેરી

અને છેલ્લે... **આપણું ગુજરાત... આગવું ગુજરાત...** જય જય ગરવી ગુજરાત...

**'વિશ્વના સૌ દેશો ખુંદો અને ફરી લ્યો રાજ્ય સઘળાં,**
**ક્યાંય મળશે નહિ આ ઝાંખી નકલ ગુજરાતની;**
**શ્રીજીનું ગુજરાત થઈને દિવાદાંડી ઝબૂકશે,**
**હિંદની કરવટ બદલશે, આ અકલ ગુજરાતની.'**

✣ ✣ ✣

**'સતી અને શૂરની માતા, સિંહ અને સંતની પ્રસૂતા;**
**અજબકરણી કવિવરણી, એવી ગુજરાતની ધરણી.'**

✣ ✣ ✣

**'નદી ખળકે નીર વહે, મોર કરે મલાર;**
**જ્યાં સાચે રત નીપજે, ભયો ભયો ગુજરાત.'**

✣ ✣ ✣

**'હીરા નથી બીજે થયાં, જેવા ગુજરાતે પથ્થર થયાં;**
**ખોટું નથી લવલશે, ગુજરાત પણ કંચન હશે.'**


✣ ✣ ✣

**'અહીં પ્રેમ કેરો સાદ છે, પ્રભુજીનો પ્રસાદ છે;**
**ને પ્રકૃતિનો વરસાદ છે, બોસ ! આ ગુજરાત છે.**
**અહીં નર્મદાના નીર છે, માખણ અને પનીર છે;**
**ને ઊજળું તકદીર છે, યસ - આ ગુજરાત છે.**
**અહીં ગરબા-રાસ છે, વળી જ્ઞાનનો ઉજાસ છે;**
**ને સોનેરી પરભાત છે, અલ્યા આ ગુજરાત છે.**
**અહીં ભોજનમાં ખીર છે, સંસ્કારમાં ખમીર છે;**
**ને પ્રજા શૂરવીર છે, કેવું આ ગુજરાત છે.**
**અહીં વિકાસની વાત છે, સાધુઓની જમાત છે;**
**ને સઘળી નાત-જાત છે, યાર આ ગુજરાત છે.**
**અહીં પર્વોનો પ્રાસ છે, તીર્થો તણો પ્રવાસ છે;**
**ને શૌર્યનો સહવાસ છે, દોસ્ત આ ગુજરાત છે.'**

- રોહિત શાહ

# ભરોસો એજ ભજન..
# ..ભજન એજ ભરોસો

- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પા. કુણાલ ભગત





શ્રીમદ્ ભાગવતમાં **દશ પ્રકારની વાતો** આવે છે. તેમાં છેલ્લે ભગવાનના **ભરોસા** (આશ્રય-આશરા)ની વાત છે.

'दशमस्य विशुद्ध्यर्थं नवानामिह वर्णनम् ।' (૨/૧૦/૨) - દશમા પ્રકારની આશ્રયની વિશુદ્ધિ માટે જ નવનું વર્ણન છે એટલે **ભરોસો** જ મુખ્ય છે. ધ્રુવ, પ્રહ્‌લાદ, દેવો, અંબરીષ, વૃત્રાસર, ગજેન્દ્ર, ગોપી, અર્જુન વગેરે પરોક્ષ ભક્તો તેમજ દાદાખાચર, પર્વતભાઈ, ગલુજી, સુરાખાચર વગેરે પ્રત્યક્ષ ભક્તો **ભગવાનના ભરોસે** પોતાના જીવન **સમર્પિત** કરીને રહ્યા છે અને ભગવાન જ તેઓને **ઉપાયભૂત** થયા છે.

આ વાતને સમર્થન આપતા શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે :-

'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।' - (૧૮/૬૬)

તારા મનના માનેલા બધા ધર્મો છોડી તું **મારે એકને જ શરણે આવ.** હું તને બધાં પાપોથી મુકાવીશ. તું શોક કરીશ નહીં. વળી ગીતામાં ભરોસાનો (આશરાનો) મહિમા ગાતાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :-

'दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ।।' - (૭/૧૪)

મારી ગુણમયી દૈવી માયા કોઈથી તરાય તેવી નથી પણ જે મારો ભરોસો (આશરો) કરે છે તે આ માયાને તરી જાય છે. માછીમાર જાળ પ્રસારે તેમાં દૂરના માછલાં પકડાઈ જાય પણ માછીમારના પગ આગળ જે માછલાં હોય તે જાળમાં પકડાય નહીં. માયાજાળમાંથી બચવા **ભગવાનના ચરણકમળના આશ્રયરૂપી ભરોસો** રાખવો જ જોઈએ. ઘંટીમાં ખીલડાને આશરે

જે દાણા હોય છે તે પીસાતા નથી, દૂરના પીસાઈ જાય છે તેમ **ભગવાનના આશરારૂપી ખીલડો** પકડી રાખવો.

વિદેશી તત્ત્વચિંતક **ડો. એડલર** કહે છે :- ''અસલામતી અને લઘુતાગ્રંથિની ભાવના જીવપ્રાણીમાત્રમાં છે. આને લઈને તે **સલામતી** શોધે છે. **ભગવાન સિવાયની બધા જ પ્રકારની સલામતીઓ ક્ષણિક છે.** શાશ્વત સલામતી ભગવાનના આશરામાં જ છે.''

પહેલાના સમયમાં રાજાઓ માનતા કે આપણી પાસે રાજ્યસત્તા છે એટલે આપણે કોઈના આધારની જરૂર નહિ - કોઈનો ડર પણ નહીં પરંતુ સત્તાઓ શાશ્વત નથી.

સ.ગુ. **શ્રી નિષ્કુળાનંદ સ્વામી** કહે છે :-

**'એવા છત્રપતિ ચાલી ગયા, રાજ મૂકી રાજનજી;**
**દેવ દાનવ માનવ મુનિ, જાણો સરવે સુપનજી.'**

રાવણનું રાજ્ય પણ ગયું. સિકંદર પણ દુઃખમાં જ મર્યો. તેનું વિશ્વવિજયી લશ્કર, તેના બાર બાર હકીમો તેને બચાવી શક્યા નહિ. તે મરતાં મરતાં આપણને કહેતો ગયો કે બધા ભૌતિક આધાર નકામા છે. તેના ફરમાનમાં લખે છે :-

**'જે બાહુબળથી મેળવ્યું તે ભોગવી પણ ના શક્યો,**
**અબજોની મિલકત આપતાં પણ એ સિકંદર ના બચ્યો.**
**આખા જગતને જીતનારું સૈન્ય પણ રડતું રહ્યું,**
**વિકરાળ દળ ભૂપાળને નહિ કાળથી રોકી શક્યું.**
**ધન ફના, જોબન ફના, જર ને જમીન પણ છે ફના...'**

બ્રિટીશરો માટે કહેવાતું : 'Sun never sets on British Empire.' - સૂર્ય બ્રિટીશ રાજ્ય માથેથી કોઈ દિવસ આથમતો નથી. પણ આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ. ભારતના રાજાઓ આગળથી 'His Highness'ના ખિતાબો ચાલ્યા ગયા, 'Mister' ફલાણા ફલાણા એમ બની ગયા. મહેલોની જગ્યાએ હોટેલો થઈ ગઈ.

ધનના ભરોસાવાળાનું નાણું પણ નંદરાજાના નાણાની જેમ રહ્યું નહિ. ડોમીનીકન રીપબ્લિકના રાફેલના ૫૦ કરોડ પાઉન્ડ, સ્વીટ્ઝર્લેન્ડની બેંકમાં રહી ગયા. ઈરાનના શાહના ૨૫ કરોડ પાઉન્ડ, યુથોપિયાના હેલેસેલાસીના ૫ કરોડ પાઉન્ડ અને સોનાનો મુગટ, રૂમાનિયાના નિકોલસ ચોસેસ્કુના ૬૨ કરોડ પાઉન્ડ... એમ ઘણા ઘણાનાં સ્વીસ બેંકમાં રહી ગયા અને આ બધા સમયના જળમાં વહી ગયા.

સગાવ્હાલાંનો ભરોસો પણ **ક્ષણિક** છે. રાવણ યુદ્ધમાં સૌથી છેલ્લો લડવા ગયેલો, તે મર્યો ત્યારે તેનું ૧૫ હજારનું કુટુંબ નાશ થઈ ગયેલું, તેની કાણ કરવા કોઈ બચેલું નહીં. માટે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**'ક્યાં ગયું કુળ રાવણતણું, સગરસુત સાઠ હજારજી;**
**ન રહ્યું નાણું રાજા નંદનું, સર્વે સુપન વ્યવહારજી.'**

બાપને છોકરાં વારે ચઢાવતા હોય છે. કોઈવાર સહધર્મચારિણી પણ કોઈનો હાથ પકડી ચાલી જાય છે. માટે સ.ગુ. **શ્રી બ્રહ્માનંદ સ્વામી** કહે છે :

**'નારી મીલી ફૂલવારી મીલી,**
**જ્યું અટારી મીલી મહીં કાચ ઢલ્યો હે;**
**ખાન મીલે અરુ પાન મીલે સનમાન મીલે,**
**કહું ભાગ્ય ખૂલ્યો હે.**
**સુત મીલે ઘર પૂત મીલે બહુ દૂત મીલે,**
**નિજ બેન પર્યો હે;**
**બ્રહ્મમુનિ ઘનશ્યામકો આશ્રય જો ન મીલ્યો**
**તો કછું ન મીલ્યો હે.'**

માટે અચળ ભરોસો ભગવાનનો જ છે. વહાણના સઢ ઉપર બેઠેલા કાગડાને જ્યાં જુવે ત્યાં ખારો સમંદર જ દેખાય. ઊડી ઊડીને પાછો સઢ ઉપર જ બેસે, તે જ તેનો આધાર-ભરોસો. માટે આપણે પણ

**'નાવકે કાગકી ગતિ ભયી મેરી,**
**જહાં દેખું તહાં જલનિધિ ખારા...**
**મેરે તો તુમહી એક આધારા...'**

આવું રાખવું.

**'જેને જેનો આશરો તેને તેની લાજ,**
**તું મારી જકરમાં તો હું તારી ફકરમાં.'**

ભગવાનને આશરે જઈએ તો આપણી લાજ અને ફીકર તેઓ રાખે છે.

લગ્નની ચૉરીમાં પત્ની એકવાર પતિને કહે છે કે હું તમારી, હું તમારે ભરોસે છું. તો પતિ દેશ-વિદેશ ફરીને પણ તેનું પોષણ કરે છે. એટલે વાલ્મીકિ રામાયણમાં ભગવાન કહે છે :-

'सकृदेव प्रपन्नाय तवाऽस्मीति च याचते ।
अभयं सर्वभूतेभ्यो ददाम्येतद् व्रतं मम ।।'

(વાલ્મીકિ રામાયણ : ૬/૧૮/૩૩)

એક જ વાર 'હે ભગવાન ! હું તમારો છું.' એમ કહી ભગવાનના ભરોસે થનાર ભક્તને અભયપદ આપવું એવું મારું બિરુદ છે.

મહાભારતમાં યુદ્ધને દશ દિવસ વીતી ગયા હતા. પાંડવપક્ષે કોઈ પાંડવ હજુ મરાયો નહોતો. દુર્યોધને સેનાધિપતિ ભીષ્મને ન કહેવાનાં વેણ કહ્યાં કે તમે મંદયુદ્ધ કરો છો. પાંડવપક્ષે હો તેવું લાગે છે. ત્યારે ભીષ્મે **પ્રતિજ્ઞા** કરી કે કાલે અર્જુન નહીં કે હું નહીં. આ વાતની બધે ખબર પડી ગઈ. રાત્રે યુદ્ધવિરામમાં અર્જુન ઘસઘસાટ ઊંઘતો હતો. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુન પાસે આવ્યા. તેને આવી રીતે ઊંઘતો જોઈ તેઓ એવું સમજ્યા કે આને **ભીષ્મની પ્રતિજ્ઞા**ની ખબર લાગતી નથી. તેમણે તેને ઉઠાડી વાત કરી ત્યારે અર્જુને કહ્યું : ''મને ખબર છે.'' ભગવાન શ્રીકૃષ્ણને આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું : ''ખબર છે છતાં તને ઊંઘ કેમ આવે છે ?'' અર્જુને કહ્યું : **''પ્રભો, તમે જાગો છો એટલે હું ઊંઘું છું !''** આ જ તો ભરોસાસભર ભક્તને **ફાયદો** છે.

પંખીને પોતાની પાંખ ઉપર ભરોસો હોય છે કે હું પાંખ ફેલાવીશ એટલે હવામાં તરવા લાગીશ. નાવિકને તેનાં હલેસાં ઉપર શ્રદ્ધા હોય છે કે એ મને સામે કાંઠે પહોંચાડશે. વિદ્યાર્થીને ગુરુ ઉપર વિશ્વાસ હોય છે કે એ મને જે શીખવશે એ સાચું જ હશે. નાના હોઈએ ત્યારે ક્લાસમાં આપણાં શિક્ષક સામે આપણે ક્યારેય શંકા કરતાં નથી કે, તમે જે દાખલો ગણો છો એ સાચો જ છે એની શું ખાતરી છે ? સાચી વાત એ હોય છે કે **આપણો તેના પર ભરોસો એ જ એમના સાચા હોવાની ખાતરી** છે. જિંદગીમાં બે વસ્તુ ખૂબ જ મહત્વની છે. એક તો તમે **કોના ઉપર ભરોસો** કરો છો અને બીજું એ કે કોઈએ **તમારા પર મૂકેલા ભરોસા**ને તમે કેટલો **સાર્થક** કરો છો. જે માણસ તેના ઉપર કોઈએ મૂકેલા ભરોસાનો ગેરફાયદો ઉઠાવે છે અથવા તો કોઈનો ભરોસો તોડે છે તે બીજા કોઈ ઉપર ભરોસો મૂકી શકતો નથી. સૌથી મોટો શ્રદ્ધાળુ એ જ છે જે લોકો ઉપર વધુને વધુ ભરોસો મૂકી જાણે છે.

લાંબો વિચાર કરો તો સમજાશે કે **આખું જગત મોટાભાગે ભરોસા ઉપર જ ચાલે છે.** વોચમેન ઉપર આપણને ભરોસો હોય છે કે એ આપણાં ઘરનું રક્ષણ કરશે. બાળકને સ્કૂલે લઈ જતાં રિક્ષાવાળા પર આપણે ભરોસો મૂકીએ છીએ કે એ આપણાં બાળકને સ્કૂલે પહોંચાડશે. વિમાનમાં બેસીએ ત્યારે આપણે પાયલોટને ઓળખતાં હોતાં નથી છતાં બેસીએ ત્યારે આપણે ભરોસો જરૂર રાખીએ છીએ કે પાયલોટ વિમાનને સરખી રીતે ચલાવશે. એ વાત પણ એટલી જ સાચી છે કે દરેક ભરોસો સિદ્ધ નથી થતો. એવા સમયે આપણને બધા ઉપરથી શ્રદ્ધા ઊઠી જાય છે. પોતાની જ વ્યક્તિ જ્યારે દગો કરે ત્યારે માણસને એવું પણ થાય છે કે આપણી નજીકના વ્યક્તિએ આવું કર્યું તો પારકા ઉપર કેમ ભરોસો કરવો ? **એક વ્યક્તિ છેતરપીંડી કરે એટલે બાકીના નવ્વાણું ઉપર ચોકડી મૂકી દેવાની વાત કોઈ રીતે વાજબી નથી.**

એક માણસ સાધુ પાસે ગયો. તેના મિત્રએ તેની સાથે દગો કર્યો હતો. એ માણસે કહ્યું કે હવે પછી હું કોઈ સાથે દોસ્તી નહીં રાખું. સાધુએ આખી વાત શાંતિથી સાંભળી. સાધુએ પૂછ્યું : ''તમે તો નવ વાગે આવવાના હતા પણ દસ કેમવાગી ગયા ? આવવામાં મોડું કેમ થયું ?'' પેલા માણસે કહ્યું : ''અમો તમારી પાસે આવતા હતા ત્યારે અમારી કારમાં પંચર પડી ગયું તેથી મોડું થયું.'' સાધુએ પૂછ્યું : ''પછી તમે શું કર્યું ?'' ત્યારે પેલા માણસે કહ્યું : ''ટાયર બદલાવીને અમે તમારી પાસે આવ્યા.'' સાધુ હસવા લાગ્યા. તેમણે કહ્યું : ''તમે જ્યારે ઘરેથી નીકળ્યા ત્યારે તમને તમારી કાર પર ભરોસો હતો કે એ તમને સહી સલામત મારી પાસે પહોંચાડશે. એવું ન થયું. કારમાં પંચર પડ્યું, તો તમે ટાયર બદલાવી નાંખ્યું. તમને બીજા ટાયર ઉપર ભરોસો હતો પણ એક મિત્રએ દગો કર્યો એટલે બીજા મિત્ર ઉપર ભરોસો નહીં કરું એવું કહો છો !''

એક બાળકને એની મા વારંવાર કહેતી હતી કે, કામવાળા ઉપર બહુ ભરોસો નહીં કરવાનો. કામવાળા ઘરમાંથી કંઈને કંઈ ચોરી જાય. કામવાળા પર નજર રાખવાની. બાળક રોજ કામવાળા પર નજર રાખતું. કામવાળી સારી હતી. ઘરનું ખૂબ ધ્યાન રાખતી અનો કંઈ આડાઅવળું ન કરતી. એક વખત બાળકે એની માને પૂછ્યું : ''આપણાં ઘરમાંથી કોઈ દિવસ કંઈ ચોરાયું છે ?'' માએ ના પાડી. ત્યારે બાળકે પછી સહજતાથી પૂછ્યું : ''તો પછી તું કોઈના ઉપર ભરોસો કેમ મૂકતી નથી ? પહેલાં ભરોસો તો મૂકી જો ! તું તો ભરોસો મૂક્યા વગર જ શંકા કરે છે !''

કોઈના પર ભરોસો મૂકીને આપણે તેની શ્રદ્ધા બેવડાવી દઈએ છીએ. **મને તારા પર ભરોસો છે** એવું કોઈને કહી જોજો પછી એ તમારી શ્રદ્ધાને **સાર્થક** કરવા માટે તેનું બધું જ દાવ પર લગાવી દેશે. માણસ પોતે સફળ થઈ શક્યો ન હોય તો એ બીજા પર પણ ભરોસો મૂકી શકતો નથી.

**દરેક સંબંધ ભરોસા ઉપર જ નભે છે.** આપણે અંગત વાત એવી વ્યક્તિને જ કરીએ છીએ જેના ઉપર આપણને ભરોસો હોય છે. **ભરોસો ન હોવા જેવી વેદના બીજી કોઈ નથી.** તમે ભરોસો ન મૂકી શકો તો પ્રેમ પણ ન કરી શકો. જે **કોઈના ઉપર**



**દરેક સંબંધ ભરોસા ઉપર જ નભે છે.** આપણે અંગત વાત એવી વ્યક્તિને જ કરીએ છીએ જેના ઉપર આપણને ભરોસો હોય છે. **ભરોસો ન હોવા જેવી વેદના બીજી કોઈ નથી.** તમે ભરોસો ન મૂકી શકો તો પ્રેમ પણ ન કરી શકો. જે **કોઈના ઉપર ભરોસો નથી મૂકી શકતો એ માણસ પોતે જ ડરતો રહેતો હોય છે.**

**ભરોસો નથી મૂકી શકતો એ માણસ પોતે જ ડરતો રહેતો હોય છે.** ભરોસો તૂટવાના ભયથી તમે જો કોઈ પર ભરોસો મૂકતા ડરતા હો તો સમજવું કે તમને તમારી જાત ઉપર જ ભરોસો નથી.

**'તારા ભરોસે જીવન નૈયા, હાંકી રહ્યો મહારાજ...'** એ ન્યાયે જેમણે પોતાના જીવિતવ્ય ભગવાનના ભરોસે મૂક્યા છે તેવા પ્રસંગો આ લેખમાળા દ્વારા આપણે માણીશું...

❖ ❖ ❖

મેઘના કડાકાની સાથે વાદળાની ગોદમાં છુપાવેલી વિજળી તેજની સાથે અવની પર આવી, જાણે આભ તૂટી પડ્યું. જગને બોળવા તડપતાં મેઘરાજા અને વાદળો બાથભરી સંગત કરે છે. આ જોઈને ખેડૂતે બળદો સાબદા કર્યા..., વાવણી કરવા અધીરો બન્યો..., ધરતી ચીરી એણે દાણા હોમ્યા.

નથી કોઈ એંધાણ ! નથી કોઈ વાતની જાણ ! તેમ છતાં આટલી બધી પાગલતા કેમ ? એને ખબર છે કે નાખેલા દાણા ઉગશે જ !!! તો શું એણે ધરતી સાથે **વાર્તાલાપ** કરેલો હશે ? તો શું એને કોઈ **ભવિષ્ય** ભાખી ગયું હશે ?

ના રે ના...

એનો **ભગવાન પરનો** અડગ ભરોસો..., અને એ **ભરોસો** એક દાણાના અનંત દાણા બનાવવાને મજબુર કરે છે.

કદાચ, એમપણ થાય કે વિશ્વાસ નહિ ? ભરોસો જ કેમ?

વિશ્વાસનો વિરુદ્ધાર્થી શબ્દ છે અવિશ્વાસ !! પણ.., ભરોસાનો વિરુદ્ધાર્થી શબ્દ તમારી કોઈ ડીક્ષનેરીમાં છે ખરો ?

અસંભવ... અશક્ય... કેમકે -

**વિશ્વાસ** એ શાસ્ત્રીય (ભણેલા)નો શબ્દ છે..., જ્યારે

**ભરોસો** એ અભણનો શબ્દ છે.

વિશ્વાસ એ કપટ કરીને પણ દેખી શકે છે, જ્યારે ભરોસો એ દેખતો છતાં આંધળો બનવા તૈયાર હોય છે.

❖ ❖ ❖

**વાત છે પરદેશની...,**

"મમ્મી... મમ્મી... નાની બહેન બહું બિમાર છે. જલ્દી ઘેર આવી જા...!!!" પોતાની ઓફિસમાં ઘંટડી વાગી અને અંદરની મોટી દીકરીનો ફોન આવ્યો. ઘરેથી મળેલી સૂચના મુજબ રસ્તામાં આવતા મેડિકલ સ્ટોરની બહાર એણે કાર ઊભી રાખી. દવા લઈ બે ડગલા આગળ માંડ્યા ત્યાં એના પગ થંભી ગયા. હૃદયમાં એક ધ્રાસકો પડ્યો. **ઉતાવળમાં કાર બંધ કરતી વખતે કારની ચાવી અંદર જ રહી ગઈ હતી.** કારનો દરવાજો પણ બંધ થઈ ગયો હતો. એણે પાછળ જોયું તો મેડિકલવાળો પણ લોક કરી ચાલ્યો ગયો હતો. આજુ-બાજુ ન કોઈ માણસ, નિર્જન અરણ્યની અંદર આ એક અબળા જ હતી. પવનના સૂસવાટા અને ઝરમર ઝરમર વરસતો વરસાદ વાતાવરણને વધારે બિહામણું બનાવતો હતો.

હવે શું કરવું એની અવઢવમાં અત્યંત મૂંઝાયેલી એ સ્ત્રી હતપ્રભ જેવી બની ગઈ. એના પગ જાણે જમીન પર ખોડાઈ ગયા. **બિમાર દીકરી પાસે પહોંચવું** એ પણ **અત્યંત જરૂરી** હતું. ન કોઈ ટેક્સી કે ન કોઈ વાહન. વળી ભાગ્યે પણ ભાર દીધો હોય એમ ફોનની બેટરી પણ ખતમ થઈ ગઈ હતી.

પોતાની જાતને લાચાર માની, નિઃસહાય માની બે હાથ ઊંચા કરી જાણે **ભગવાનનો આધાર** માંગે છે ! એમ, ભગવાનને ભરોસે ચિંતા છોડી બે ગોઠણ વચ્ચે માથું ટેકવી આંખોમાં આંસું સારી રહી છે.

"હે પ્રભુ ! **તારે ભરોસે** મેં મૂક્યું... હવે એક તુજ છે નિરાધારનો આધાર...!!"

એજ વખતે એક જૂની અને ખખડધજ કાર ત્યાં આવી ને ઊભી રહી ગઈ. એમાંથી એક લઘરવઘર લાગતો ડ્રાઈવર ઊતર્યો. એણે પેલી સ્ત્રીને વરસતા વરસાદમાં આમ એકલા બેસવાનું કારણ પૂછ્યું.

ઝડપથી પોતાની પરિસ્થિતિનો ચિતાર આપતા એ સ્ત્રીએ પોતાની કાર લોક થઈ ગઈ છે એવું જણાવ્યું. પોતાની બિમાર દીકરી માટે દવા લઈને જલ્દીથી ઘરે પહોંચવું જરૂરી છે એ પણ જણાવ્યું.

પેલા માણસે પોતાની કારમાંથી પતરાની નાનકડી પટ્ટી કાઢી, પછી થોડીજ વારમાં એણે એ સ્ત્રીની કાર ખોલી આપી.

"ભાઈ ! તમારો ખૂબ ખૂબ આભાર..., તમે ખૂબ સારા માણસ છો !" પોતાની કાર શરૂ કરતા એ સ્ત્રીએ કહ્યું.

"ના, બહેન ! હું સારો માણસ નથી. **આજે જ જેલમાંથી છૂટીને આવ્યો છું !**" એ માણસે જવાબ આપ્યો.

"જેલમાંથી છૂટીને ?"

પોતાની કાર ઊભી રાખતા એ સ્ત્રીથી પૂછાઈ ગયું : "ક્યા ગુના માટે તમે જેલમાં ગયા હતા ?"

**"કાર ચોરવાના ગુના માટે !"** એ માણસે જવાબ આપ્યો. પછી હસતા હસતા પોતાની કાર ચલાવીને જતો રહ્યો.

બે ક્ષણ પોતાના સ્ટીયરીંગ વ્હીલ પર હાથ રાખીને એ સ્ત્રી બેસી રહી. પછી ઘર તરફ કારને હંકારતી વેળાએ આકાશ સામું જોઈને એટલું જ બોલી : **"વાહ ! ભગવાન તારી લીલા !** તે મને સમયસર મદદ માટે માણસ તો મોકલ્યો, પરંતુ એ પણ **બંધ કાર ખોલવાના નિષ્ણાંત**ને જ મોકલ્યો !"

**'વો શમા ક્યા બૂજે, જિસકી રોશન ખુદા કરે.'**

ભરોસો ધરાવતા વ્યક્તિએ વિશ્વાસની ચરસસીમાને વટાવી **વિજયસ્થંભ** ખોડી દીધેલો હોય છે. એને પછી કોણ અડી શકે કે ઉપાડી શકે. મતલબ, ત્યાં અવિશ્વાસ - વિશ્વાસઘાત - શંકા જેવા મેલા શબ્દોને સ્થાન જ નથી. ભરોસો દાખવતો વ્યક્તિ એ એકદમ પ્રફુલ્લિત રહે છે. No Tension (નો ટેન્સન)..., કેમ કે એનો આધાર **ભગવાન** છે. અને એમની પાસે તો સુખ-આનંદ સિવાય બીજું કાંઈ

ટકી શકતું જ નથી તો ટેન્શન-અવિશ્વાસ રહે જ કેમ?

❖ ❖ ❖

ઉડતી ગોરજ બંધ થઈ છે, ચોરાના નગારા પર દાંડી પડી, ઘંટ દાંડીની સાથે ડોલતો ઝૂમે છે, **ડડુસર**માં દિવડા ઝગમગ ઝબકી રહ્યા છે. એ વખતે એક **ઘોડેસવાર** ગામને ગોંદરે આવીને ખુશ થયો. ગલુજીના ઘરની ખડકી ખોલી અંદર અવાજ કર્યો : ''ગલુજી છે કે?''

''છે ને આવો ભાઈ, ક્યાંથી અટાણે ?'' ગલુજીના બાએ પૂછ્યું.

હજું હમણાં જ ગલુજી ખેતરેથી આવી, હાથ-પગ ધોઈ ઠાકોરજીને દીવો કરી, વાળું કરવા બેઠા છે.

ઘોડેસવાર ધર્મસિંહે કહ્યું : ''બા ! વડથલીથી આવું છું, મહારાજે ગલુજીને આ **સંદેશો** દેવાનું કહ્યું હતું.''

કાગળ વાંચી ગલુજી ઘરની તમામ ઘરવખરી ભરી વડથલીના માર્ગે રવાના થઈ ગયા. માતુશ્રીને ઘેર રહેવા સૂચવ્યું.

મધરાત ઉપર એક પહોર વીતી ચૂક્યો છે, આખું ડડુસર નિદ્રાદેવીને ખોળે માથું મૂકીને સૂઈ રહ્યું છે. એ સમયે જાગતા હતા જૂની અદાવતનું વેર લેવા થડકતા રજપૂતો...!!

''ક્યાં છે તારો ગલુજી, ડોશી ?'' ખૂલ્લી તલવાર સાથે ચાર રજપૂતો વંડી કુદી અંદર આવીને ડોશીમાને કહ્યું.

''એ તો વડથલીને મારગે ઘરવખરી ભરી હાલી નીકળ્યો છે ! એને એના સ્વામિનારાયણે બોલાવ્યો છે.'' માતુશ્રીએ નિધડક જવાબ આપ્યો.



''શું વાત કરે છે ડોશી ? ભગવાનની નજર અહિં સુધી પહોંચી ગઈ ? તો **ગલુજી સાચો અને એનો ભગવાનેય સાચો**. નહિ તો આજ **ગલુજી બચી શકવાનો નહોતો** હો...'' એક બુકાનીધારી જૂવાનડો બોલ્યો.
''ડોશીમા ! ગલુજી તો **ભગવાનને ભરોસે** હાલે છે. એને કોઈ કાંઈ ન કરી શકે. રામ રાખે એને કોણ ચાખે ?''

''શું વાત કરે છે ડોશી ? ભગવાનની નજર અહિં સુધી પહોંચી ગઈ ? તો **ગલુજી સાચો અને એનો ભગવાનેય સાચો**. નહિ તો આજ **ગલુજી બચી શકવાનો નહોતો** હો...'' એક બુકાનીધારી જૂવાનડો બોલ્યો.

''ડોશીમા ! ગલુજી તો **ભગવાનને ભરોસે** હાલે છે. એને કોઈ કાંઈ ન કરી શકે. રામ રાખે એને કોણ ચાખે ?'' બુકાનીધારી રજપૂતો માજીના ખાટલે માથું મૂકી ગળગળા થકા બોલ્યા.

**'ના હટાવી કોઈ હદને મળી અનહદુ તે છતાં,**
**હા, હવે જિંદગી થઈ ગઈ મનસ્વી તે છતાં;**
**તું કદી ક્યાં અજાણ છે જાણે છે બધું તું છતાં,**
**તું સદા દેખતો રહે છે મજબૂર ના હોય તે છતાં.**
**હોય ના સંબંધ તો પણ હોય બંધન તે છતાં,**
**તોડતા તૂટે નહિ જે હોય બંધન તે છતાં;**
**લાગણી તારી દિધેલી દુઃખદાયી તે છતાં,**
**ભોગવું માથે ચડાવી તવ પ્રસાદી તે છતાં.**
**સ્પંદનો સૌ સાચવે તારી રીતે તું,**
**ધ્યાન તું રાખે છે હું બેધ્યાન હોઉં તે છતાં;**
**ક્યાં કદી પૂરવાર થાવું સત્ય છે તું તે છતાં,**
**તારે ભરોસે ચાલે તારી લીલા તે છતાં.'**

❖ ❖ ❖

મહાભારતના રણસિંગા ફૂકાયા, એક તરફ ૧૧ અક્ષોહિણી સેના છે, બીજી બાજુ ૭ અક્ષોહિણી સેના ઊભી છે. તલવાર, ભાલા, ધનુષ્ય જાણે વિજળીને પણ અટકાઈ જવાનું અભિમાન દાખવે છે. ઘમસાણ યુદ્ધની વચ્ચે ૧૭ અક્ષોહિણી સેનાનો વિનાશ થઈ ગયો, પરંતુ ઘંટની નીચે ત્રણ **ટીટોડીના બચ્ચા** નિઃસહાય હોવા છતાં **નિર્ભયપણે બચી ગયા.** કારણ...

**'તારો ભરોસો ભારી હો પ્રભુ, તારો ભરોસો ભારી...'** કદાચ લેખકની કલમ ભરોસા વિષે લખે તો કેટલુંક લખી શકે...!! જે તમામ સાધનોનો અંત હોય એના વિષે...!!

વિદ્યાર્થીનું નિશાન છે - એસ.એસ.સી બોર્ડ ને પાર કરવું.... બાળમંદિર, એક ધોરણ, બે ધોરણ, ૩ ધોરણ ૪ - ૫ - ૬, અને છેલ્લે ૯ ધોરણે.... અને પછી આવે દસ ધોરણ.

દસ દસ પગથિયાને અંતે વિદ્યાર્થી નિશાન પાડી અને વિજયી બની શકે, પરંતુ....

પરંતુ...,

ભરોસાના નિશાનમાં કોઈ પગથિયાં ખરા!!!

વ્રત, દાન, સત્સંગ, સાધના, ધર્મનિયમ વગેરે વગેરે અનંત ક્ષેત્રો, અનંત પગથિયાં પાર કરતા આપણે ભરોસાને સ્થાને

વિજય ઝંડો ફરકાવી શકીએ કે કેમ ? એ પ્રશ્ન છે. પરંતુ જેણે ભરોસાનું નિશાન સર કર્યું એમણે પરમાત્માને પણ સર કરી લીધા અથવા તો વશ કરી લીધા છે. કારણ કે **ભરોસો એજ ભજન...**

**આ છે એક સત્યઘટના...,**

નાસ્તિકતા, નિર્માલ્યતા અને અહંકારી તથા જેને ભગવાન નામની સખત નફરત છે એવા એક ફિલોસોફર(તત્ત્વચિંતક) નવા કલાસ સામે પ્રથમ સેમેસ્ટર (સત્ર) પુરું થાય ત્યાં સુધી ઢગલાબધ્ધ દાખલાઓ અને સચોટ દલીલો રજૂ કરતા. કોઈ એમની સાથે વાદ-વિવાદ ન કરતું. બસ, એટલું સૌ માની લેતા કે ભગવાન છે જ નહિ.

પૂરા વીસ વરસ સુધી એ પ્રોફેસરે બધાને એમ જ ભણાવ્યા. કોઈ દલીલ કરે તો બે ક્ષણથી વધારે ટકી ન શકે.

દરેક સેમેસ્ટરના છેલ્લા દિવસે ફિલોસોફીના ૩૦૦ વિદ્યાર્થીઓને એ પ્રોફેસર એક હોલમાં ભેગા કરતા અને પછી પૂછતા : **"તમારા બધામાંથી ભગવાનમાં હજુ પણ કોઈ માનતું હોય તો ઊભું થાય !"** પરંતુ કોઈ ઊભું ન થતું. કારણ કે દરેક જણ જાણતું કે એ પછી પ્રોફેસર શું કહેવાના અને શું કરવાના છે. પ્રોફેસર બોર્ડ પર લખવાનો ચૉક હાથમાં પકડતા અને કહેતા કે, "આટલાં ઉદાહરણો અને સાબિતી પછી કોઈ ભગવાનમાં માને તે મૂરખ કહેવાય. ભગવાન જો સર્વવ્યાપી હોય, સર્વશક્તિમાન હોય તો મારા હાથથી છૂટતા ચૉકને તૂટતો અટકાવી દે ! સાવ સહેલું અને નાનકડું આ કામ છે." એમકહી દરેક વર્ષે ચૉકને છોડી દેતા અને ચૉક અનેક ટૂકડામાં ફેરવાઈ જતો. પોતાની દલીલ જાણે પથ્થર પર કોતરેલ લકીર હોય એવા વિજયભાવ સાથે પ્રોફેસર વર્ગ પૂરો કરતા.

આ વર્ષ ભગવાનના અસ્તિત્વ માટે જાણે સફળ નીવડ્યું.

એક કોલેજીયન યુવાન ભગવાનને **મનોમન પ્રાર્થના** કરતો કે, "હે પ્રભુ ! મને એવી **શક્તિ** આપજે કે, જેથી હું **તારા વિષે કંઈક સમજાવી શકું**. એવી હિંમત અને શક્તિ આપજે."

"હે પ્રભુ ! તારા ભરોસે વર્ષોથી જંગ જીતતા એ પ્રોફેસર સામે આંખ ઊંચી કરું છું. પ્રભુ ! તુજ એમાં સહાય કરજે."

**'તારા ભરોસે જીવન નૈયા, હાંકી રહ્યો મહારાજ...'**

આમ, પ્રથમ સેમેસ્ટર પુરું થવા આવ્યું. એ સત્રના છેલ્લા દિવસે પ્રોફેસરે ફિલોસોફીના બધા જ વિદ્યાર્થીઓને દર વર્ષની માફક એક મોટા ખંડમાં ભેગા કર્યા. પછી પૂછ્યું : "તમારામાંથી હજુ પણ કોઈ ભગવાનમાં માનતું હોય તો ઊભું થાય !"

અચાનક એક વિદ્યાર્થી ઊભો થયો ને બોલ્યો : **"હું માનું છું કે ભગવાન અહિં જ છે."** જાણે મહાભારતના રણમેદાને વીર **અભિમન્યું** એકલો ઝઝુમી રહ્યો હોય !!

"અલ્યા બબૂચક ! છ મહિનાથી પણ એક વસ્તુય તારા ભેજામાં નથી ઉતરી લાગતી. આજે પણ તને સંભળાવું છું કે જો તારો ભગવાન અહિં હશે તો આ ચૉકને નીચે પડે ત્યારે તૂટવામાંથી બચાવી લેશે. તું હમણાં જ જોઈ લે તારો ભગવાન શું કરી શકે છે ?"



અચાનક એક વિદ્યાર્થી ઊભો થયો ને બોલ્યો : **"હું માનું છું કે ભગવાન અહિં જ છે."** જાણે મહાભારતના રણમેદાને વીર **અભિમન્યું** એકલો ઝઝુમી રહ્યો હોય !!

"એ અહિં જ હશે ! અને એ ચૉકને તૂટવામાંથી બચાવી પણ લેશે." પેલો વિદ્યાર્થી બાજને સામે ચકલું પડકારે એમ પૂરા ભરોસાથી વિદ્યાર્થી બોલ્યો.

"એમ ? તો જોઈ લેજો બધા, અને તું પણ જોઈ લે !" એટલું કહીને પ્રોફેસર હાથ લાંબો કરી પોતાના હાથમાં રહેલા ચૉકને નીચે પાડવા ગયા. એ વખતે કોણ જાણે કેમ એ ચૉક સીધો નીચે પડવાને બદલે એમના કોટના કફસ (બાંયના છેડા) પર પડ્યો, ત્યાંથી દડીને એમના પેન્ટના નીચેના છેડા પર પડ્યો, ત્યાંથી ગોળ દડી એમના બૂટ પર થઈને નીચે જમીન પર દડી ગયો. જરાક પણ તૂટ્યા વિના...!! જાણે પ્રભુએ નાનકડું ફૂલડું હાથમાં લઈ નીચે મૂક્યું ન હોય...!!!

વીસ...વીસ... વરસના દાયકામાં પ્રથમવખત જાણે પ્રોફેસરને ફટકાર લાગ્યો. **પ્રોફેસર લાકડાની માફક ખીત્તો જ થઈ ગયો.** બે ક્ષણ પૂરતો વર્ગમાં **છન્નાટો** છવાઈ ગયો ! પછી આખો હોલ તાળીઓના **ગડગડાટથી** ગૂંજી ઊઠ્યો. જાણે કે અભિમન્યુએ સાતકોઠાની

લડાઈ પર વિજયી બની અને પરત આવ્યો હોય...!!!

પેલો વિદ્યાર્થી આંખમાં આસું સાથે આકાશ સામે જોઈ રહ્યો અને બોલ્યો : **"હે પ્રભુ ! આપ તો બની સુકાની પાર ઉતારો છો !"**

અન્ય વિદ્યાર્થીઓ એને ઘેરી વળ્યા. પ્રોફેસર નતમસ્તકે વર્ગ છોડીને જતા રહ્યા.

ભરોસો એ **નક્કર શબ્દ** છે. જેમાં શંકા કે કુશંકાને સ્થાન નથી. આજ્ઞા એજ જીવન બની જાય. ભરોસો ક્યારેય પાત્ર નથી જોતો કે નથી જોતો લાજ-શરમ. એને સમય કે શક્તિની સાથે ક્યારેય સંબંધ નથી.

✣ ✣ ✣

**ભરોસો એટલે ?** ....ભરોસો...

''દાદા આ કોળું છે એને આ ભંભલીમાં નાખી દ્યો !'' શ્રીજીમહારાજે દાદાખાચરને ભરી સભામાં અચાનક જ આજ્ઞા કરી.

''સારું મહારાજ !'' બોલતા દાદાખાચર ઊભા થયા અને ગોઠણીયા વાળી ભંભલીમાં કોળું નાખવા મહેનત કરે છે.

ઘડીક કોળું નીચે રાખે તો, ઘડીક ભંભલી નીચે રાખી કોળાને માથે દબાવે... ભરી સભામાં કોઈ બાળક રમકડાંથી રમતો હોય એવું લાગતું હતું.

દરબારો આ દૃશ્ય જોઈ હસવા લાગ્યા.

''અરે, દાદા ! ગાંડો ન થા, આ કોળું એ ભંભલીમાં ન જાય.'' સુરાખાચરે સમજણપૂર્વક દાદાખાચરને કહ્યું.

''દરબાર ! **આ કોળું એ ભંભલી અંદર જશે જ.** કેમકે અંદર નાંખવાની મહારાજની આજ્ઞા છે !! **પરંતુ કેમ જાય એની રીત મને આવડતી નથી.**'' ભંભલીને દબાણ કરતાં કરતાં દાદાખાચર બોલ્યા.

ભગવાન શ્રીહરિ સિંહાસનેથી ઊભા થઈને દાદાખાચરને ભેટી પડ્યાં.

''શાબાશ..., **ભરોસો હોયને તો આવો !**'' દરબારો પણ દાદાખાચરનો જવાબ અને શ્રીજીમહારાજનો રાજીપો જોઈને બંને હાથે દાદાખાચરને દીર્ઘાયુષ્યના જાણે આશીર્વાદ આપવા લાગ્યા.

✣ ✣ ✣

'તમોને મારી ઉપર ભરોસો છે ?' - **'ભરોસો તો હોય જ ને !!'** આવા પ્રશ્નો અને જવાબો દિવસ દરમિયાન ઘણાંય તમારા કાનના પડદાને ભટકાતા હશે, પરંતુ એ સર્વ **વ્યર્થ** છે.

કોનો ભરોસો કરવો ? શા માટે કરવો ? આવા **આશ્ચર્યજનક** પ્રશ્નોની જાળ ક્યારેય મન સામે ખડી કરી ખરી ? વારું..., તમે ભરોસો કર્યો તમારા જોબન પર...

જોબનનો અંત ! ગળેલા અંગો, કરચલી ચામડી, હાથમાં લાકડી, આંખે અંધાપો અને શરીરની અસમતુલના, આ એનું પૂર્ણવિરામ...!!

ભરોસો કર્યો તમે તમારા રૂપ પર..,

જે રૂપને કુરૂપમાં બદલાતા અમુક ક્ષણોની જ જરૂર છે. અને અંતે રાખ કે ધૂળમાં મળી જાશે...!!!

પ્રશ્ન છે : તો સગા-સંબંધી કે મિત્રો તો છે જ ને !!

એનો સ્વાર્થ પૂરો થશે અને એને આંગણેથી તમને જાકારો મળશે પછી કોનો આધાર ???

ન જિંદગી, ન જીવન, કોનો ભરોસો કરશો અને કોનો ભરોસો ટકશે ?

**'ક્યા ભરોસા હૈ ઈસ જીંદગીકા,**
**સાથ દેતી નહિ એ કીસીકા;**
**શ્વાસ રુક જાયેગી ચલતે ચલતે,**
**શમા બુજ જાયેગી જલતે જલતે;**
**દમનિકલ જાયેગા આદમીકા.... ક્યા.'**

મોટા પુરુષો કહે છે કે, આ જીંદગીનો કોઈ ભરોસો નથી, જ્યારે દેહમાંથી જીવાત્મા જાય છે, ત્યારે એકલો જાય છે, કોઈનો સાથ-સંગાથ ત્યાં ચાલતો નથી, માણસ ચાલતો હોય અને અચાનક શ્વાસ બંધ થઈ જાય છે, જીવન-દીપ બુઝાઈ જાય છે.

'सन्त्यज्य हृद्‍गृहेशानं देवमन्यं प्रयान्ति ये ।
ते रत्नमभिवाञ्छन्ति त्यक्त्वा हस्तस्थकौस्तुभम् ।।'
(યોગવાસિષ્ઠ, સંસ્કૃત સુભાષિત નવનીત : ૨૫૪)

પોતાના હૃદયમાં બેસી એનું શાસન કરનાર ભગવાનને છોડી, બહાર જે બીજા દેવને શોધે છે તે તો પોતાના હાથમાં રહેલા કોસ્તુભમણિને તજી (અન્યત્ર) રત્નની અભિલાષા રાખે છે.

✣ ✣ ✣

સંધ્યાની લાલાશ હવે આથમવા લાગી છે, પંખીઓ પોતાનો માળો શોધી અને નિરાંતનો શ્વાસ લઈ રહ્યા છે, પવનને હવે આરામકરવાનો અવસર જાણે મળ્યો હોય એમ શાંત બની ગયો છે. જેહુરભાઈ આહિરને ખોરડે લગ્નના ટહુકાઓ શમી ગયા છે. આખું ફાચરીયા નિદ્રાદેવીને ખોળે પોઢેલું છે. એ વખતે જાગે છે માત્ર ઘરની પછીતે ઊભેલા ત્રણ-ચાર **બૂકાનીધારી કાઠીઓ.**

આંખોમાં **ભય**ની સાથે **ખંધાઈ** પણ લબકારા મારી રહી છે. કેડે તલવાર, કોશ, ત્રીકમ, પાવડા અને કોદાળી જેવા હથિયારો સાથે આ યુવાનો રાત્રિદેવી સાથે વાતચીત કરતા ઘરના પછવાડે ગાબડું પાડી રહ્યા છે.

બાબરીયાવાડમાં ડેડાણ ગામની દક્ષિણે ખોબા જેવડું આ ફાચરીયા ગામ આવેલું છે. એમાંય જેહુર આહિરનું ખોરડું મોટું ગણાય, વરવધુના ઘરેણાં અને સાથે ફૂઈએ બધી આયરાણીઓના ઘરેણાં ચાર દેગડામાં ભરીને પટારે મૂક્યા. બેમાં સોનાના ઘરેણા અને બેમાં ચાંદીના !

મધરાતનો મીઠો વાયરો એણે કાઠીઓની મેલીમુરાદને જગાવી. ખોરડાના પાછળના ભાગે જઈને ભીંત કોચવા માંડી.., પણ બાજરો નીકળ્યો. અનાજ ભરવાની કોઠી આડી આવી એટલે બીજી બાજુ પછીત તોડી, થોડીવારમાં ફાંકામાંથી ઓરડો દેખાવા માંડ્યો. અને ઉતાવળે **મોટું ગાબડું** પાડ્યું **જાણે ભગવાન પર વિજય મેળવ્યો !!** અંદર જઈ ડોકીયું કર્યું ત્યાં તો સડક થઈ ગયાં ! ન ભાગી શકાય ન અંદર જઈ શકાય એવી સ્થિતિ.

ઓરડામાં ટમટમ દિવાની જ્યોતની સાથે **બે તેજસ્વી પુરુષો દેગડાનું રક્ષણ કરી રહ્યા છે.** સૌએ પાછી પાની કરી બીજી ક્ષણે ગામ બહાર ઘોડા મારી મૂક્યા.

સૂર્યની કિરણો દેખાતા દિવાલમાંનું ગાબડું સૌએ જોયું, ઘરની ફરતે ચોકી ગોઠવાઈ ગઈ, જેહુર આતાને આ વાત મળી.

"**ભરોસાનો પરાજય થયો ???** મારા ઘરમાં ખાતર ? આટલાં વર્ષોથી નિયમધર્મ પાળું..., અને મારા ઘરમાં ચોરી ? ભગવાનને ભરોસે ગાડું હંકારું તોયે ખાતર ? અસંભવ... **અશક્ય...** તપાસ કરો શી-શી જણસની ચોરી થઈ છે...!!!" જાણે શંકા **અવિશ્વાસ** જેવી નકામિયાબ ચીજોને જેહુર આહિર ધૂતકારતા હોય એમ ખુમારીથી બોલ્યા.

"આતા ! એક ચીંદરીય નથી ગઈ !!"

જેહુર આહિર બોલ્યા : "શ્રીજીમહારાજ આપણી રક્ષામાં છે."

એવામાં બે નોકરો આવ્યા : **"આતા ! જય સ્વામિનારાયણ."**

"આવો, બા ! કેમ દોડ્યા આવો છો ?"

"આતા, આપણા ખજૂરીયાના નેસમાંથી ચોર લોકો તેર ભેંસોને ભગાડી લઈ જતા હતા. અમને કોઈએ જગાડી અને દખણાદી કોર તપાસ કરવાનું કહ્યું. અમે દોટ મૂકી, હોહા બહુ થયું એટલે ચોર લોકો ભેંસો મૂકીને નાસી ગયા...!!"

જેહુર આહિરે માળા સોતો જમણો હાથ ઊંચે લઈને કહ્યું : **"બહું મહેર કરી નાથ ! અખંડ રક્ષામાં છો..."** એમના મુખ પર અટલ ભરોસાનું તેજ ઝળહળી રહ્યું હતું.

❖ ❖ ❖


એક કોડિયું..., ભરોસાનું... એને હંમેશા પ્રકાશિત રાખો...!!

આપણે ભગવાન પાસે **પીવાનું પાણી** માંગ્યું, એમણે હજારો **નદીઓ, ઝરણાઓ** અને **સરોવરો** આપણને આપી દીધા !!

આપણે એમની પાસે **એકાદ ફૂલ**ની માગણી કરી, એમણે આપણને બગીચાઓ ભરીને **ગુલદસ્તાઓ** મોકલી આપ્યા !!

આપણે એમની પાસે છાંયડા માટે **એક ઝાડ** માંગ્યું, એમણે આપણને **મોટા જંગલો** આપી દીધાં !!

આપણે કહ્યું કે, "હે પરમાત્મા ! એકલું એકલું લાગે છે તો એમણે આપણને કુટુંબ, સાથી-સંગાથી તેમજ મિત્રોની ભેટ મોકલી આપી !!"



કેવા દયાળુ છે એ ? **કેટલા બધા માયાળુ છે ?** એના પર ભરોસો રાખીએ તો એ શું નથી આપતાં ?

ભગવાન પ્રત્યેની શ્રદ્ધા તેમજ ભરોસાનું કોડીયું હંમેશા સળગતું જ રાખો. પછી જુઓ કે અંધકારનો ડર ક્યારેય નહિ સતાવે. અને એ વાત પણ સત્ય જ છે કે આખા બ્રહ્માંડનું અંધારું એકઠું થાયને તોપણ એક ભરોસારૂપી કોડિયાને ક્યારેય નથી ઠારી શકતું !!!

જે વાતને દવાના પૂરા સંશોધનો થયા નહોતા, દવાની અછતને કારણે માનવીની જિંદગી જોખમમાં રહેતી તે વખતની વાત છે.

આફ્રિકાના અત્યંત પછાત અને જંગલના એક બિહામણા વિસ્તારમાં ખોબા જેવડું ગણાતા દવાખાનામાં એક બાળકનો જન્મ થયો. પરંતુ પરમાત્માને કોણ ફરિયાદ કરે ? બાળકના જન્મ પછી તડપતી માએ બાળકનું મોઢું જોયા વિના જ પરલોકે હંમેશને માટે ચાલી ગઈ.

ડૉક્ટરે બાળકને જોતા જ વાત કરી : "આ બાળકના અસ્તિત્વ માટે ઈન્ક્યુબૅટર નામનું સાધન અથવા તો ગરમપાણી ભરેલી બે રબ્બરની કોથળીઓ જરૂરી છે. કેમકે એ જ વસ્તુ આ બાળકને બચાવી શકશે નહિ તો એની જિંદગીનું કોમળ ફૂલ સદૈવની માટે

કરમાઈ જશે.''

એ પ્રદેશમાં દિવસે ગરમી, રાત્રે વરસાદ અને ઠંડીનું થર. આ કુદરતના કોપ સામે બાળકને બચાવવું એ તો કુદરતને પડકારવા રૂપ હતું. મૃત્યુ પામેલી એ સ્ત્રી બે વરસની નાની બાળકીને પણ મૂકતી ગઈ હતી. એ બાળકી સતત રડ્યા જ કરતી હતી. મા વિના આ દુનિયામાં બાળકનું કોણ ? એ એક પ્રશ્ન આખા દવાખાનાને મૂંઝવતો હતો.

આ દવાખાનાની બાજુમાં જ એક દેવળ પણ આવેલું. એના મુખ્ય સાધ્વીને એક ઉપાય સૂઝી આવ્યો. તેમણે શેક કરવા માટે રાખેલી પાણીની બે કોથળીઓ આ નવજાત શિશુની આસપાસ ગોઠવી દીધી. પરંતુ કુદરતની સામે કોઈ વધારે ખેલી ન શકે એ ન્યાયે એ કોથળીમાં કાણા હોવાથી પાણી નીકળતું હતું. બધા નિરાશ થઈ ગયા. બાળકને બચાવવાના છેલ્લા ઉપાયે એક ઝૂંપડીમાં આગ સળગાવી સલામત અંતરે રાખી વારાફરતી એક વ્યક્તિ બાળક પાસે રહીને સાચવવાનો નિર્ણય કર્યો. પ્રથમરાત્રિ તો માંડ માંડ પસાર થઈ. સવારના સૂર્યપ્રકાશના લીધે ગરમી શરૂ થઈ એટલે બાળકની તબિયત સહેજ સુધરી. પરંતુ બીજી એવી જ રાત એ બાળક માટે ભયજનક સાબિત થાય એવું લાગતું હતું. બધાને ચિંતા હતી.



એ સંસ્થાના નિયમ મુજબ સવારના દશેક વાગ્યે અનાથાશ્રમના બાળકો અને સ્ટાફ પ્રાર્થના માટે એકઠા થયાં. મુખ્ય સાધ્વીએ જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા એ બાળકની જિંદગી માટે **પ્રાર્થના** કરવા માટે બધાને કહ્યું. હોટવૉટર બોટલની જરૂરિયાત અંગે પણ વાત કરી. એ બાળકની માતા લોહીની ઉણપના કારણે અથાગ પ્રયત્નો છતાં કેવી રીતે મૃત્યુ પામી એ વાત પણ કરી. ત્યાં ઉપસ્થિત દરેકના ચહેરા પર આ બંને વાતના કારણે ચિંતા અને વેદના બંને લીંપાઈ ગયાં...!!

અચાનક દશેક વરસની એક અનાથ બાળકી ઊભી થઈ. બધા સાંભળે એ રીતે પોતે પ્રાર્થના કરવા માગે છે એવું કહી એણે પ્રાર્થના કરવાની **મંજૂરી** માગી. મુખ્ય સાધ્વીએ એને **પરવાનગી** આપી.

પેલી બાળકી ઊભી થઈ. બધાની વચ્ચે આવી, બે હાથ જોડી એણે પ્રાર્થના શરૂ કરી. જાણે ભરોસાનું સાક્ષાત્ સ્વરૂપ જોઈ લ્યો.

''હે ભગવાન ! અમે તને વિનંતી કરીએ છીએ કે, **તું અમને ગરમપાણીની બોટલ મોકલી આપ.** આ એક નાનકડા બાળકની જિંદગીનો સવાલ છે. અને હા ! એ બોટલ તું આજે સાંજે જ મોકલી આપજે. કેમ કે એ બાળક કદાચ કાલ સુધી જીવતું ન પણ રહે !! અને હા, પ્રભુ ! એ બાળકની મોટી બહેન ખૂબજ રડ્યા કરે છે. તું એના માટે એક ઢીંગલી પણ મોકલી આપજે ! જો તું અમને, અમે તને ચાહીએ છીએ એટલું બધું ચાહતો હોતો આ બંને વસ્તુઓ આજે જ મોકલજે ! આમીન !''

આટલું કહીને ભરોસાનું અપર સ્વરૂપ પેલી બાળકી બેસી ગઈ. પરંતુ એ નાનકડી બાળકીના પ્રાર્થનાના શબ્દોના કારણે દરેકની આંખમાં આંસું હતાં. બધાને ખબર હતી કે આ **અંતરિયાળ વિસ્તાર** હતો કે આજુબાજુ દોઢસો માઈલ સુધી એકેય **પ્રોવિઝન સ્ટોર** પણ ન હતો. એટલે એ સાંજ સુધીમાં **વોટરબેગ** મોકલી આપે એ અશક્ય જ હતું. છતાં એક બાળકની અદ્ભુત શ્રદ્ધા અને ભરોસો જોઈને બધા દ્રવી ગયા. બપોર સુધીમાં પેલી બાળકીની પ્રાર્થના પણ ભૂલાઈ ગઈ !!!

સૂરજ હવે પોતાનો રંગ બદલવા લાગ્યો છે, સૂર્યની હાજરી દાખવવા ધ્રુવનો તારો દૂર દૂર દેખાય છે. એ વખતે એક **પાર્સલવાન** દોઢસો માઈલ દૂરના એક નાનકડા શહેરમાંથી આવી પહોંચ્યું. સાધ્વીજીને નવાઈ લાગી કે છેલ્લા છએક મહિનામાં આવું ક્યારેય બન્યું નહોતું. પંદરેક કિલોનું **પાર્સલ** ખોલવામાં આવ્યું. આજુબાજુ સર્વે ગોઠવાઈ ગયા, પ્રાર્થના કરનાર પેલી બાળકી પણ આગળ ભરોસાને હાથમાં રાખી ઊભી છે.

પાર્સલ ખોલવામાં આવ્યું. ઉપર જર્સીઓ હતી, બધા બાળકોને દરેકના માપ પ્રમાણે આપવામાં આવી. એમાંથી નીચે પાટાપિંડીનો સામાન, જરૂરી દવાઓ અને પૌષ્ટિક ખોરાકના ટીન હતા. બસ ! એની નીચે ઘાસ હતું. ટ્રાન્સપોર્ટ દરમિયાન દવાઓની બાટલીને નુકસાન ન થાય એ માટે કુંવળ જેવું ઘાસ

ભરેલું. બધાના ચહેરા પર નિરાશા છવાઈ ગઈ. કેમ કે અંદર પેલી બાળકની પ્રાર્થનાનો જવાબ ન હતો.

પેલી બાળકી અડગ મને ભરોસાના રણકાર સાથે બોલી : ''મમ્મીજી ! હજુ અંદર જુઓ ને !!!''

મુખ્ય સાધ્વીને એના આવા વાક્યોથી નવાઈ લાગી, છતાં એમણે પેલું ઘાસ ફંફોળ્યું. સૌની આંખ ફાટી ગઈ, તેમાંથી નવી નક્કોર **બે હોટવોટર બેગ** હતી ! ત્યાં ઊભેલ દરેકની આંખમાં આંસું અને મુખ પર મૃદુ હાસ્ય હતું. પેલા બાળકની જિંદગીને હવે કાંઈ પણ નહિ થાય એવી સૌને ખાતરી થઈ આવી. સાધ્વીજી એ બોક્સને બંધ કરવા જતા હતા ત્યાં પેલી બાળકી બોલી : ''મમ્મીજી ! હજુ જરા ઊંડે તપાસ કરો તો સારું ! **મેં ભગવાનને એક ઢીંગલી મોકલવાનું પણ કહ્યું હતું.** એટલે એ પણ હોવી જ જોઈએ...!!!''

બોક્સ પરના પાટીયા ફરીથી બહાર કાઢી સાધ્વીજીએ અંદર જોયું. સૌથી નીચે એક સરસ મજાની ઢીંગલી પણ હતી ! બાળકી નાચી ઊઠી. ઢીંગલી લઈને દોડતી એ અનાથ થયેલી પેલા બાળકની બહેનને આપવા દોડી ગઈ. જાણે કે **ભરોસાનું પ્રત્યક્ષ સ્વરૂપ** હાથમાં ભરોસાના **નિશાન**ને લઈને દોડતી હોય કે શું...!!!

મુખ્ય સાધ્વીજી અવાચક બનીને એને જતી જોઈ રહ્યા. થોડીવાર પછી એમનું ધ્યાન એ **બોક્સ**ની **રવાના થયાની તારીખ** પર ગયું. બરાબર પાંચ મહિના પહેલા એ બોક્સ વહાણમાં અમેરિકાના કોઈ શહેરમાંથી ચડાવવામાં આવ્યું હતું ! જાણે કે પેલી બાળકીની આજની પ્રાર્થનાનો જવાબ **'Before they will call, I will Answer !'** એમ ભગવાને પાંચ મહિના પહેલા જ આપી દીધો ન હોય !!

હાડ થીજવી દે એવી કાતિલ ઠંડી, ઝાડને મૂળમાંથી ઉખેડી ફેંકી દે એવો ભયાનક પવન અને સિંહ ગર્જનાને શરમાવે એવા મેઘકડાકાની મધ્યે પણ આકાશમાં વિહરતાં પંખીનું પિંછું નિર્ભય રહે છે !! કારણ ?

એને ભરોસો એક ભગવાનનો છે, એના જીવનની દોરી ભગવાનના હાથમાં છે.

**'નૈયા ઝૂકાવી મેં તો જો જે ડૂબી જાયના,**
**ઝાંખો ઝાંખો દીવો મારો જો જે રે બૂઝાયના.'**

ભરોસાનો દોર આપેલો બાઈ મીરાંએ માધવને..., ઝેરના કટોરા જેને અમૃત સમ બન્યા.

**ભરોસા**નો **દોર** આપેલો ભક્ત ડાયાએ હરિવરને..., કૂવાના પાણીમાં રહીને શ્વાસ બન્યા.

**ભરોસા**નો **દોર** આપેલો ભક્ત પ્રહ્લાદે નરસિંહને..., હાથીના પગમાં જેને હરિપ્રભુના દર્શન થયા.

**ભરોસા**નો **દોર** આપેલો ડોસાભાઈએ શ્રીજીપ્રભુને..., જેને ધરતીના ખોળે ખાડામાં પ્રભુની ગોદ દેખાણી.

**ભરોસા**નો **દોર** એ **નક્કોર** હોય છે, તાણ્યો તૂટે નહીં, ઉખાળ્યો ઉખળે નહીં કે દીવડે બળે નહીં.

**'અગર હૈ શૌક[૧] મિલને કા, તો હરદમ લૌ[૨] લગતા જા;**
**જલાકર ખુદનુમાઈ[૩] કો, ભસમતન પર લગતા જા.**
**પકડકર ઈશ્ક[૪] કી ઝાડૂ, સફા કર હિજ એ દિલ કો;**
**દૂઈ કી ધૂલ કો લેકર, મુસલ્લે[૫] પર ઉડાતા જા.**
**મુસલ્લા છોડ તસ્બી[૬] તોડ, કિતાબે ડાલ પાની મેં;**
**ખુદા કે ચરનમેં જાકર, ભરોસા કે ખેતો લહરાતા જા.'**

[**કઠિન શબ્દાર્થ :-** (૧) હોંશ (૨) ચાહ (૩) અહંકાર (૪) ઈશ્વરીય પ્રેમ (૫) નમાજ (૬) માળા.]

❖ ❖ ❖

સોરઠની ધરતી પર મેઘરાજાની કૃપાથી ધરતીએ નવા વસ્ત્રો પરિધાન કર્યા છે, નદીઓના વે'ણ વાંકાચુંકા વળ ખાતા ધરતીને હરીભરી રાખે છે, ઓઝતને તટે **આખા-પીપલાણા** નામનું હાંડલા જેવડું ગામડું ઘરેણાંની જેમ ઝળકે છે.

સવજી મહેતાની લીલીછમવાડી ને તેમાં પણ ઓઝતના નીર પીઈને ડાંડા કાઢી ગયેલો બાજરો ! ઊભા મોલમાં ઊંટ પણ અલોપ થઈ જાય એવો !!

''મા... મા...! હવે વધારે નહિ ખમાય. આ આંખ્યું મહાપ્રભુના દર્શન માટે ઝંખે છે. હું વડતાલ મહારાજના દર્શને જાઉં છું.'' ખંભે ખલેચો નાખતા **સવજી મહેતા**એ પોતાની માતાને કહ્યું.

''અરે દિકરા ! વીરા એમ ઉતાવળ ન કર. આ વર્ષે બાજરો સારો પાક્યો છે તો પાક ઉતારીને હાલ્યો જાજે. પડખે ભાવરનું ગામ છે એની નજરનો શિકાર બનશે તો ડુંડુંયે નહિ રહેવા દીયે.'' વૃદ્ધ માતાએ દિકરાને સમજાવતા કહ્યું.

''માડી ! **ભરોસો તો એક મહાપ્રભુનો હો..**, રખવાળાં તો એ **શ્રીજીમહારાજ** કરશે. **એમણે પકવ્યો છે તો બીજું કોણ લણણી કરી શકે ?** એજ લણશે...!!'' ભરોસાના પડતા પડઘા સામે માતા વધારે કાંઈ ન બોલી શક્યા. ધૂળની ડમરીમાં સવજીભગત **વડતાલની વાટે** અદૃશ્ય થઈ ગયા.

ચંદરવા સાથે ઝગમગતા તારા રમતે ચડ્યા છે, ઠંડો અને મીઠો વાયરો ઓઝતના પાણી પીઈને વાય રહ્યો છે, ચંદરવાનું અજવાળું જગને વધારે નિદ્રાધિન બનાવે છે. પરંતુ એ વખતે જાગે છે **ચાંદ ભાવર** અને **આમદખાન** સહિત ચૌદ જણા..., સવજી મહેતાનો બાજરો લણતા લણતા આભમાંથી વરસતી દૂધમલ ચાંદલીને પી રહ્યા છે.

''નાજા ! **માણકી તૈયાર કરો,** ઝટ કરો.'' વડતાલમાં જોબનપગીને ડેલીએ ઊજળે ઢોલિયે પોઢેલા શ્રીજીપ્રભુ આજ ઝબકીને જાગી ગયા ને અચાનક માણકી મંગાવી.

ભગવાન શ્રીહરિએ ઝટપટ બોકાની વાળી લીધી, કમર કસી લીધી.

"હે મહારાજ! હુંય આવું છું હો." નાજાભક્તે દલીલ કરી.

"ઠીક, ચાલ ત્યારે પણ પહોંચે નહિ તો પાછો વળી જજે."

"અરે, મહારાજ ! આ તો કેસર ઘોડી છે. માણકીના પગલે ડાબા દેતી આવશે."

બે અસવારોએ ગુજરાતમાંથી **સોરઠની વાટ** લીધી. ખેપ લાંબી હતી. મોકળાશ મળતા શ્રીજીમહારાજે માણકીની ટૂંકી વાઘ તાણી, અને ઈશારામાં સમજી જનારી માણકીએ વીજળીની ગતિ સાંધી. એ જમીન કરતા આભમાં વધુ ઉડવા લાગી. જાણે વીજળી અંગ મરોડતી આભમાં સમાઈ ગઈ...!! જોતજોતામાં તો ઓઝત નદીને કાંઠે સવજી મહેતાની વાડીએ આવી ગયા.

"અલ્યા, આમદ ! હવે તૈયારી કરવી આ લણેલા ડૂંડાને ગાડાં ભેળા કરીએ. હવે આ ધૂવાડો બંધ કરીએ." ચલમનો કસ લેતા **ચાંદ ભાવર** બોલ્યો. પરંતુ ત્યાં ધરતી પર મોટા ધુબાકા સાથે ભગવાન શ્રીહરિએ પેગડું છોડ્યું. કોઈ દેવતાઈ યોદ્ધો શસ્ત્ર બાંધીને આકાશમાંથી અચાનક ઊતર્યા હોય એવું સૌને ભાસ્યું.


શ્રીજીમહારાજે ત્રાડ નાખી : **"ખબડદાર ! એક પણ ડૂંડુ લીધું છે તો ?"**

ભગવાન શ્રીહરિના એક વેણમાં તો સૌ પર **ધાક** જમાવી દીધી.

ન જોયો બાજરો કે ન નજર કરી બાજરાની ગાંસડી પર.., ભાવરો એકદમગામભણી ભાગવા જ લાગ્યા જાણે તેતર વચ્ચે બાજે તરાફ મારી હોય એમ..!! પાછું વળી જોવાયે કોઈ તૈયાર નહોતું...!!!

હજુ મોંસુઝણું થયું નથી, ધ્રુવનો તારો અલવિદા થવા તૈયાર થયો છે અને સૂરજને આવકારો આપે છે એવે સમયે **સવજીની માતા** મજૂરો કરીને બાજરો લણવા આવ્યા. પરંતુ ખેતર જોઈને મોંમાથી **હતાશોનો ઓયકારો** નીકળી ગયો, ચોરલોકોએ એકેય ડૂંડુ રહેવા દીધું નહોતું.

"હે મહારાજ ! **હવે અમારું કોણ ?** હવે અમારી **રોજગારી** ઝુટવાઈ ગઈ." બોલતા ડોશીમાં જોરથી માથું પકડી રડવા લાગ્યા. મજૂરો કહે : "ડોશીમા ! જે થવાનું હતું તે થઈ ગયું. શા માટે રડો છો ? રડવાથી કંઈ ગયેલું પાછું આવવાનું છે?"



રડવાનો અવાજ સાંભળી શ્રીજીમહારાજે માણકીને એ ભણી વાળી. ડોશીમાએ ડાબલાના અવાજ સાંભળી આંખો ખોલી તો ખુદ ભગવાન શ્રીહરિ ! ડોશીમાં કંઈક બોલવા જાય એ પહેલા શ્રીજીમહારાજ બોલ્યા : **"બાજરો લણાઈને તૈયાર પડ્યો છે. ડૂંડા ભરી લો.!"**

"અરે, મહારાજ ! તમે લણ્યો ?"

**"અમે લણ્યો નથી પણ લણાવ્યો છે.** એ પેલા ખૂણે પડ્યો છે. સવજી ભક્ત વડતાલ ગયા છે ને અમારે ભરોસે ભળાવતો ગયો. પછી તો આવે જ છૂટકો !"

ડોશીમાને થયું મારો વ્હાલો કોઈનો પાડ લેશમાત્ર રાખતો નથી. વાહ ! દયાળું ! બહુ મહેર કરી.

"લ્યો, ત્યારે હવે અમે જઈએ છીએ."

"અરે, પ્રભુ ! ગામછેટું પણ નથી, ઘેર તો પધારો...!!"

"અમારે ઉતાવળ છે, સમૈયો છે એટલે પહોંચવું પડે, ફરી કોકવાર !" એમકહેતાક શ્રીજીમહારાજ **માણકી પર સવાર** થયા. માણકી પૂંછડાનો ઝૂડો વાળતીક.., આંખને પલકારે આભના ટોડલે રમવા લાગી.., નિશાન ધાર્યું હશે કે **વહેલું આવે વડતાલ...**

❖ ❖ ❖

અતિ મોટું વહાણ છે જેમાં હજારોની સંખ્યામાં જનમેદની ઠલવાય જાય તોયે ના ભરાય એવડું મોટું. પરંતુ એના તળીયાના પડજ પાતળા થઈ ગયા છે તો શું વહાણ મધદરિયેથી કાંઠે પહોંચી શકશે... ના...!

એમઅધુરા ભરોસા હોય, શંકા-અશંકાના લેશમાત્ર સ્થાન હોય એના ભરોસારૂપી વહાણ દરિયાને સામે કાંઠે કેમપહોંચે !!!

અનંત સંકંટો અનો વાવાઝોડાનો સામનો કરવા છતાં **ભરોસારૂપી કાંટો** જરાયે હલે નહિ એનું જહાજ મધદરિયેથી કાંઠે નિઃસહાયે પહોંચી શકે.

ભરોસા વિના અન્ય સાધન એ પાણીના પરપોટા જેવા છે. જ્યારે ભરોસો એ **પથ્થરમાં કોતરાતી લકીર** જેવો છે. તેને કોણ ઉખેડી શકે...? કોણ એનો અંત આણી શકે ?

અશક્ય... છે... ભરોસા એટલે ભરોસા...

ભજન કરવાથી **ભગવાનની પ્રાપ્તિ** થાય છે **એવી પ્રાપ્તિ ભરોસાથી થાય છે** એ વાક્ય પથ્થર પર કોતરેલી કારીગરી છે. પરમાત્માને પામવાના અનંત સાધનો છે પણ તે અનંતની મધ્યે **ભરોસો** એ એક એવું **સાધન** છે કે **જે ટોચ પર બેઠેલું છે.**

ભરોસા વિના ભજન પણ અસંભવ છે... અને જો કરે તો એય જગતના વાયરામાં ક્યાંયે પીંખાઈ જવાનો. પરંતુ ભરોસો એ **હિમગીરી** છે કોણ અડી પણ શકે.

**'પ્રભુ ! હું એક સામાન્ય પતિત જીવ છું,**
**એ વાત ખરી :**
**પરંતુ તારો મુદ્રાંકિત ભક્ત છું,**
**ઝંડાનું ચીંથરું તે વળી શું ?**
**પરંતુ એની પ્રતિષ્ઠા સારું, રાજાને યુદ્ધ ખેલવા પડે છે.**
**કાગળની ચબરખીની શી વિસાત ?**
**પણ રાજાની સહી હોવાથી,**
**રાજાની કિંમત જેટલી એની કિંમત ઠરે છે.**
**એજ સ્થિતિ મારી છે,**
**હું તારો યશ ફરકાવનાર ઝંડો છું,**
**હું તારી આજ્ઞા જાહેર કરનારો તારો આજ્ઞાપત્ર છું,**
**એની પ્રતિષ્ઠા જાળવવી એ તારે ભરોસે છે.'**

એક સમયની વાત છે, ભરોસાનો પાલનહાર ગઢપુરમાં ઘટાદાર લીલુડા લીંબડા નીચે હાથમાં ફૂલદડો ઉછાળતા થકા બિરાજ્યા છે, એ સમે ગામડે ફરીને આવેલા મુક્તાનંદ સ્વામીને શ્રીજીમહારાજે પૂછ્યું : ''સ્વામી ! ગામડે સત્સંગ તો બરાબર થાય છે ને ? **બધા હરિભક્તો સુખી તો છે ને ?''**

''અરે, મહારાજ ! બધા આપના ભજનથી **આનંદિત** અને વ્યવહારે **સુખી** છે..., પણ... પણ..., એક માંગરોળમાં ઉપાધિ છે.'' મુક્તાનંદ સ્વામીએ કહ્યું.

''માંગરોળમાં વળી શેં ઉપાધિ સ્વામી ?'' ભગવાન શ્રીહરિએ આશ્ચર્યના ભાવસાથે **આતુરતાથી** પ્રશ્ન કર્યો.

''પ્રભુ ! ગોરધન શેઠે હાટડી માંડી છે..., કોઈ કાંઈ ચીજ લેવા આવે તો પૈસા નથી લેતા !'' સ્વામીએ ચિંતાની સાથે કહ્યું.

''તો ?'' મહારાજે પ્રશ્ન કર્યો.

**''હસ્તે સ્વામિનારાયણ..., હસ્તે સ્વામિનારાયણ..., ચોપડામાં લખે જાય છે.** મહારાજ ! આપના ભરોસે એનું ગાડું હાલે છે !''

''અરે... રે... રે...! તો તો એની ઉપાધિ અમારે કરવાની...!!!'' શ્રીજીમહારાજે કહ્યું.

આ વચનો સાંભળતા મુક્તાનંદ સ્વામી **ભરોસાના પાલનહાર** અને **ભરોસા ઘરતલ**ને પણ મનોમન વંદી રહ્યાં.

'You can not change the people around you. But you can certainly change the people you are around.'

હંમેશા યાદ રાખો કે તમે તમારી આસપાસ રહેલા લોકોની નજર બદલી શકો, પરંતુ તમે એવા લોકોને જરૂર પસંદ કરી શકો છે કે જેમની આસપાસ તમે રહી શકો.

આ વાંચ્યા પછી કરો નજર જીવન ક્ષિતિજ પર કોઈ તમે ભરોસા પાત્ર વ્યક્તિ તમને બોલાવી રહ્યા છે, જેણે તમને બધું જ આપ્યું; છતાં પણ એ છૂપાઈ રહ્યો છે.

**ભગવાનમાં ભરોસો ધરાવતો વ્યક્તિ જિંદગીની કવાયતમાં ક્યારેય નિષ્ફળ જતો નથી.** કેમ કે **એનો આધાર** એનું કેન્દ્રબિંદુ એના ભરોસાનું નિશાન **ભગવાન** છે.

દરેક વસંતઋતુએ એ આપણને હજારો ફૂલોનો ગુલદસ્તો શું કામ મોકલે છે ?

રોજ સવારે એ સૂરજને મોકલીને રાત્રિનો અંધકાર શું કામ દૂર કરે છે ?

અમૃતધારા જેવી વર્ષાને દર વર્ષે એ ધરતી પર શું કામ મોકલે છે ?

જ્યારે જ્યારે આપણે સાચા દિલથી પ્રાર્થના કરીએ છીએ ત્યારે એ સાંભળે જ છે, એ શા માટે ?

અને એમણે બનાવેલા આટલા મોટા વિશ્વમાં એ ગમે ત્યાં રહી શક્યા હોત, તોપણ રહેવાની જગ્યા તરીકે એમણે આપણું હૃદય જ શું કામ પસંદ કર્યું ? શું કામ ?

અરે ! એટલા માટે કે એ આપણા પ્રેમનો-વિશ્વાસનો દીવાનો છે. આપણી પાછળ પાગલ છે, આપણી સાથે તાલ મિલાવવા માટે એ અધીરો છે !

એમની માળાના મણકામાં ભક્તપણાની, સંતપણાની કે ખરેખરા દાસની ગણતરીમાં એમના હૃદયમાં આપણું સ્થાન છે...!!!

તપાસીએ આમાં ક્યાંયે આપણો નંબર લાગે છે ખરો ??

જેમણે પોતાની જિંદગી પોતાના પ્રિય પાત્રને માટે ફના કરી નાખી, ભરોસાને માથે લઈ એ આભેથી નીચે પટકાવા તૈયાર બન્યો એના માટે ? એમાંય જુઓ તમને ભરોસો છે ખરો ?

તમે તમારા ખરા મિત્ર પર ભરોસો કર્યો, તમારા દિલની વાત બધી જ ઠાલવી દીધી. તમે એના સ્નેહી બની ગયા, એના ઈશારે તમે નાચવા લાગ્યા. એવા એક મિત્ર ઉપર તમે ભરોસો મૂક્યો એ ભરોસો ક્યારેય નહિ ડગે એની તમને ખાતરી પણ એમણે આપી. પણ..., ક્યાં સુધી ???

મીની ડાહ્યી છે ઉંદર નથી દેખાણો ત્યાં સુધી..., **ભરોસાનો વિરુદ્ધાર્થી શબ્દ નથી,** પણ એ ચિત્ર **એનું સાક્ષાત્ સ્વરૂપ** તમારી સામે ખડું કરી દેશે...., **ભગવાન સિવાય બીજો ભરોસો** એટલે **નિરાધાર પાસે આધાર** માગવો.

✤ ✤ ✤

હાડ થીજવી દે એવી કડકડતી ઠંડી હોય, વળી ક્યારેક વરસાદ પણ પોતાનું કામ નિભાવતો હોય, વૃક્ષો ઝુકી ઝુકીને સલામો ભરતા હોય, રસ્તાની વિશાળતા સ્પીડ બ્રેકરનેય નથી દેખાવા દેતી. તમે તમારા સભ્યો સાથે ગાડીમાં જતા હોય, ઘોર અંધારું હોય અને ગાડી સડસડાટ કરતી રસ્તા પર જતી હોય તો તમને ઊંઘ આવે ખરી ? ...હા.

કેમ શું એ ગાડીનો ડ્રાઈવર ગાડી નહિ

જ ભટકાડે ? એ ગાડી શું ક્યારેય ગોથલીયું નહિ જ ખાય ? ક્યારેય બીજી ગાડીની એને ટક્કર નહિ જ લાગે ?

તેમ છતાં તમને ઊંઘ આવી જાય !!!

વ્રજસારનેય પિંગાળી દે એટલો ભરોસો તમે એ બે દોકડાના ડ્રાઈવર પર મૂક્યો તો જે જીવનરૂપી ગાડીનો હાંકનાર છે એના પર આપણે ભરોસો ન મૂકીએ તો આપણી તુલના કોની સાથે કરવી !!!

આપણી આસપાસના પ્રાણીઓમાં પણ પરસ્પર કેવો **હિતકારીપણાનો ભરોસો** છે - જુઓ **બિલાડીના બચ્ચા** સાત સાત ઘર ફરે ત્યાં સુધી પોતાનું મોં માતાના મોંમાં સોંપી દે છે. પછી તે બિલાડી એ બચ્ચાને મોંમાં લટકતા રાખી **એક ઘેરથી બીજે ઘેર** ફેરવે છે, દોડે છે, કૂદે છે છતાં એ બચ્ચાઓને કેવો હિતકારીપણાનો ભરોસો ? જેથી માતાના મોંમાં પણ નિશ્ચિંત રહી શકે છે.

છે આપણે અનંત આત્માઓના માતા-પિતા તુલ્ય **સર્જનહાર** અને **પાલનહાર** ઉપર પણ ? તપાસો.

✤ ✤ ✤

"પ્રભુ ! તું મને હવે ક્યારે મદદ મોકલીશ...?? મારો હાથ ક્યારે ઝાલીશ, માલીક...!!!"

વાત એમ હતી કે મહાસાગરના રૌદ્ર સ્વરૂપમાં એક વહાણ જપેટાઈ ગયું. પણ **એક મુસાફીર** લાકડાના સહારે એક **નિર્જન ટાપુ** ઉપર આવી ચડ્યો.

બે ત્રણ દિવસ તો આમ-તેમ રખડતો જ રહ્યો. પછી ખુલ્લા રહેતા એને બીક લાગવા માંડી, ત્યાં વાંદરા સિવાય બીજું કોઈ જ જનાવર પણ નહોતું દેખાતું. એણે લાકડા અને ઘાસની મદદથી એક કિનારા ઉપર **ઝૂંપડું** બનાવ્યું. વેલાઓની મદદથી એક બારણું પણ બનાવ્યું. જેથી ફળ-ફૂલાદિક વાંદરાઓ લઈ ન જાય.

ખોરાક ભેગો થયા બાદ એ દરરોજ ભગવાનને **પ્રાર્થના** કરતો, **વિનંતી** કરતો. પરંતુ પ્રાર્થનાનો અણસાર, એના ભરોસાનો અણસાર ક્યાંય દેખાતો નહિ એટલે એ **હતાશ** બનવા લાગ્યો.

એક દિવસ ખોરાકની શોધમાં એ ટાપુના બીજા છેડા સુધી જઈ ચડ્યો. ત્યાં ગેલ કરતા વાંદરાઓ, ગીતો ગાતા પંખીઓને જોઈને પોતાનો પરિવાર યાદ આવી ગયો. એ દિવસે આકાશ સામે જોઈને ધરાઈ-ધરાઈને રડ્યો. આ વખતે એણે પ્રાર્થના કરી ખૂબ આંસું સાર્યા. ભગવાન હવે જો એને આ ટાપુ પરથી એને નહિ છોડાવે તો **ભગવાન પરનો ભરોસો** એ ગુમાવી દેશે એવું એણે ભગવાનને કહી દીધું. ક્યાંય સુધી એ **શૂન્યમનસ્ક** બની એ કાંઠા પર બેઠો રહ્યો.

થાકેલો, હારેલો એ છેક સાંજ પડ્યે પોતાની ઝૂંપડી તરફ પાછો ફરી, ઝૂંપડીથી હજુ તો થોડો દૂર હતો ત્યાં જ એણે જે દૃશ્ય જોયું એનાથી એનું હૈયું જ બેસી ગયું. એની ઝૂંપડીમાં આગ લાગી ગઈ હતી. બહાર જતી વખતે એ ઝૂંપડીની વચ્ચોવચ અંગારા રાખી મૂકતો. એના પર છાપરામાંથી સૂકી ડાળખી કે ઘાસ પડ્યું હશે, જેના કારણે આગે આખી ઝૂંપડીને લપેટમાં લઈ લીધી હશે. આખી રાત એણે ઝૂંપડીની સામે જ વિતાવી.

એની મુખની આકૃતિ કહેતી હતી કે જાણે ભગવાન પરનો રહ્યો-સહ્યો ભરોસો પણ ઉડી ગયો હશે ...? ભગવાન જેવી શક્તિ જ આ દુનિયામાં નથી એવું એનું મન કબૂલાત કરવા **મજબુર** બન્યું હશે ? ભગવાનનેય પણ આટલા દુઃખ પછી પણ આ ઝૂંપડી જોઈને ઈર્ષ્યા આવી હશે ? સવાર થવા આવી ત્યાં સુધીમાં થાકીને, રડતાં રડતાં પોતાની પાસેના બધા જ લાકડા એ આગમાં હોમીને કાંઠા પર જ સૂઈ ગયો.

સવારે કોઈ એને ઢંઢોળી રહ્યું હોય એવું એમને લાગ્યું. નિર્જન ટાપુ પર કોણ હશે ? એવા ધ્રાસ્કા સાથે એ સફાળો બેઠો થઈ ગયો. જોયું તો **બે-ત્રણ માણસો** એની આસપાસ ઊભા હતા. એમની **નાનકડી હોડી** કાંઠા પર નાંગરેલી હતી અને દૂર **એક વિશાળ જહાજ** દરિયામાં ઊભું હતું.

"તમને કઈ રીતે ખબર પડી કે હું અહીં ભૂલો પડીને સૂતેલો છું ?" આંખો ચોળતા એ માણસે પેલા માણસોને પૂછ્યું.

"તમારી લગાડેલી આગ અને સ્મોક સિગ્નલના કારણે !" એને મદદ કરવા આવેલા વ્યક્તિઓએ જવાબ દીધો.

"મેં લગાડેલી આગ...!!!"

મદદ કરવાની એની રીત કાંઈક અલગ અને અનેરી જ નથી લાગતી...?

**ખુદાએ મોકલેલા દૂતનું કહેવું છે કે :-**

તમને દરેક કામમાં નિષ્ફળતા જ મળે છે, તમારું મન હવે ઉદ્વેગને આરે પહોંચી ચૂક્યું છે, તમારા પાસે ભરોસાનો જથ્થો હવે ખલાસ થઈ ગયો છે. તમને ક્યારેય સફળતા નહિ મળે એવું દેખાય છે..., તો પણ **તમારે સફળતા મેળવવી જ છે ?** તો એક કામ કરો...!!!

તમારો રહ્યો સહ્યો **ભરોસાનો પરપોટો** પરમાત્મા ઉપર ઠાલવી દ્યો અને નિરાંતે આનંદથી **બેફીકર** બની એની મોજ માણો. પછી એ કામની તમે જરાયે ચિંતા ન કરો કે ન કરો સંકલ્પ.

ભગવાન પર મૂકેલો એક **ભરોસાનો પરપોટો** દિવસ ઉગે **સફળતાને આરે** પહોંચવા આવ્યો હશે. બસ ! ફક્ત બે ડગલા ચાલી એને ઝાલી લેવો એટલું જ તમારે કરવાનું... પણ ...?

એવી **બહાદૂરી**નું કામ, **મર્દાનગી**નું **કામ** કરવા આપણી મંજૂરી છે ખરી ?

**....અને જો હોય તો એજ ભરોસો એ તમારું ભજન છે.**

**- જય શ્રી સ્વામિનારાયણ...**



# સત્સંગ સમાચાર પત્રિકા


સ્વામી ઘનશ્યામદાસજી તથા સ્વામી ધર્મવલ્લભદાસજી - રઘુવીરવાડી



કોટડા પીઠા (ગઢપુર પ્રદેશ) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ નવનિર્માણ શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં 'રાત્રિ દિવ્ય સત્સંગ સભા' (તા. ૧૫-૫-૨૦૧૦)




ગઢપુર પ્રદેશના ડુંગરપુર (તા. મહુવા) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી હરિભક્તોના નિવાસસ્થાનોએ પધરામણીએ પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૧૬-૫-૨૦૧૦)



જૂનાગઢ પ્રદેશના બારમણ (તા. ખાંભા) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય નિશ્રામાં યોજાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં 'રાત્રિ દિવ્ય સત્સંગ સભા' (તા. ૧૬-૫-૨૦૧૦)



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી બારપટોળી (જૂનાગઢ પ્રદેશ) ગામને આંગણે યોજાયેલ શિવમંદિર 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' અંતર્ગત તા. ૧૫ થી ૧૯-૫-૨૦૧૦ સુધી સ્વામી શ્રી નિર્દોષચરણદાસજી (બગસરા)ના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'માં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.



ગઢપુરને આંગણે શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી ગોપીનાથજી મહારાજ આદિક દેવોના દિવ્ય સાંનિધ્યમાં તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રી સહિત ધર્મકુળ પરિવારની પવિત્ર નિશ્રામાં યોજાયેલ પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીનો 'સાકરતુલા મહોત્સવ' (તા. ૧૭-૫-૨૦૧૦)



ગઢપુર પ્રદેશના શેલણા (તા. સાવરકુંડલા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના પવિત્ર નિશ્રામાં યોજાયેલ દિવ્ય સત્સંગ સભા તથા પધરામણી (તા. ૧૭-૫-૨૦૧૦)




જૂનાગઢ પ્રદેશના નાના-મોટા ગોખરવાળા (તા. અમરેલી) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ દિવ્ય રાત્રિ સત્સંગ સભા (તા. ૧૮-૫-૨૦૧૦)



ગઢપુર પ્રદેશના ચરખા (તા. સાવરકુંડલા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના પવિત્ર નિશ્રામાં યોજાયેલ દિવ્ય સત્સંગ સભા તથા પધરામણી (તા. ૨૨-૫-૨૦૧૦)



વડતાલ પ્રદેશના સીંજીવાડા (તા. તારાપુર) ગામને આંગણે શ્રી સ્વા. મંદિરમાં વિરાજમાન દેવોનો વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૨૩-૫-૨૦૧૦)



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ભાણવડીયા (ગઢપુર પ્રદેશ) ગામને આંગણે યોજાયેલ હરિમંદિર 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' અંતર્ગત તા. ૧૪ થી ૧૬-૫-૨૦૧૦ સુધી પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી (સરધાર)ના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'માં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.




વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ગઢપુર પ્રદેશના હાડીડા (તા. સાવરકુંડલા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ હરિમંદિરનો 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૧૯-૫-૨૦૧૦)



**વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ચરખડીયા (ગઢપુર પ્રદેશ) ગામને આંગણે યોજાયેલ તા. ૨૧ થી ૨૩-૫-૨૦૧૦ સુધી પૂ. કો. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી (ગઢપુર)ના વક્તાપદે યોજાયેલ 'ત્રિદિનાત્મક જ્ઞાનયજ્ઞ' તેમજ હરિમંદિરના 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.**



**વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ચાંપાથળ (જૂનાગઢ પ્રદેશ) ગામને આંગણે યોજાયેલ તા. ૨૧ થી ૨૩-૫-૨૦૧૦ સુધી પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી (સરધાર)ના વક્તાપદે યોજાયેલ 'ત્રિદિનાત્મક જ્ઞાનયજ્ઞ' તેમજ હરિમંદિરના 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.**



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી જૂનાગઢ પ્રદેશના **રાજસ્થળી** (તા. અમરેલી) ગામને આંગણે **પ.પૂ. લાલજી** મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ હરિમંદિરનો **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'** (તા. ૨૩-૫-૨૦૧૦)



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી કાશ્મીરનગરી મહુવા (ગઢપુર પ્રદેશ) શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ '૩૧મો વાર્ષિક પાટોત્સવ' (તા. ૨૫-૫-૨૦૧૦)

ગુજરાત રાજ્યના કાશ્મીરી નગરી સમાન ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાના મહુવા શહેરને આંગણે ભગવાન **શ્રી સ્વામિનારાયણની** પૂર્ણકૃપાથી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ **શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** શુભ વરદ્ હસ્તે અ.નિ. પૂ. પુરાણી સ.ગુ. **સ્વામી શ્રી જગતપ્રકાશદાસજી** (ડભાણ)ની પ્રેરણાથી તૈયાર થયેલ શિખર મંદિરમાં બાળસ્વરૂપ **શ્રી ઘનશ્યામમહારાજ, શ્રીહરિકૃષ્ણ મહારાજ** અને **શ્રી લક્ષ્મીનારાયણ દેવ** આદિક દેવોની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. તે દેવોનો **'૩૧મો વાર્ષિક પાટોત્સવ'** તા. ૨૫-૫-૨૦૧૦ વૈશાખ સુદ - ૧૨ના રોજ વડતાલ પીઠાધિપતિ પ. પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. લાલજી મહારાજશ્રીના** દિવ્ય સાંનિધ્યમાં ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઠાકોરજીનો કેસર-પંચામૃત જળેથી અભિષેક કરીને દર્શન-અમૃતવાણીનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે ગઢપુરથી પૂ. એસ.પી. સ્વામી (બોર્ડ સલાહકાર) તથા પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી તેમજ સરધારથી પૂ. બાલમુકુંદ સ્વામી આદિક સંતો તેમજ ગઢડા ટેમ્પલ બોર્ડના ટ્રસ્ટીસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ પાટોત્સવનો લાભ મહુવા વિસ્તારના તલગાજરડા, તાવેડા, ગુંદરણી, બિલા, દાતરડી, કુંભારીયા વગેરે ગામોના હરિભક્તો લીધો હતો.

**ખાસ નોંધ :-** પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી મહુવા મંદિરમાં બિરાજમાન દેવોની સેવાર્થે તેમજ સત્સંગ-અભ્યુદય વિકાસાર્થે સરધારનિવાસી પૂ. સ.ગુ. **સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના** સંતમંડળના ખુશાલ ભગત આદિક પાર્ષદોની વરણી કરવામાં આવી છે. માટે દેવદર્શન- સત્સંગ કથા-વાર્તાનો લાભ લેવા મહુવા વિસ્તારના તમામભક્તજનોને નમ્ર વિનંતિ સહ અપીલ કરવામાં આવે છે. તા. ક. :- મંદિરમાં દર્શનાર્થે બહારગામથી પધારતા ભક્તજનો માટે ઉતારા તેમજ મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવે છે.

**સંપર્ક :- શ્રી સ્વામિનારાયણ મંદિર, ખારગેઈટ, મહુવા જી. ભાવનગર. ફો.નં. ૦૨૮૪૪ - ૨૨૨૨૪૨**






ગઢપુર પ્રદેશના તાવેડા (તા. મહુવા) ગામને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની પધરામણી (તા. ૨૫-૫-૨૦૧૦)






ગઢપુર પ્રદેશના વિજપડી (તા. સાવરકુંડલા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના પવિત્ર નિશ્રામાં યોજાયેલ દિવ્ય સત્સંગ સભા તથા પધરામણી (તા. ૨૫-૫-૨૦૧૦)





ગઢપુર પ્રદેશના વાંશીયાળી (તા. સાવરકુંડલા) ગામને આંગણે શ્રી સ્વા. મંદિરમાં વિરાજમાન દેવોનો વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૨૬-૫-૨૦૧૦)






ગઢપુર પ્રદેશના જેજાદ (તા. સાવરકુંડલા) ગામને આંગણે નવનિર્માણ પામી રહેલ નૂતન શ્રી સ્વા. મંદિરનું નિરક્ષણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૨૬-૫-૨૦૧૦)



ગઢપુર પ્રદેશના પીયાવા (તા. સાવરકુંડલા) ગામને આંગણે શ્રી સ્વા. મંદિરમાં વિરાજમાન દેવોનો વાર્ષિક પાટોત્સવ પ્રસંગે
પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૨૬-૫-૨૦૧૦)




રાજુલાને આંગણે શ્રી ભૂપતભાઈ પીપરડી (વાઈસચેરમેનશ્રી- ગઢપુર)ની નૂતન જીનિંગ મીલનું ઉદ્‌ઘાટન કરતા
પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૨૬-૫-૨૦૧૦)



વડતાલ પ્રદેશના નાંદોલી (તા.માતર)ને આંગણેયોજાયેલ નૂતન મંદિરનો 'ખાતમુહૂર્ત શિલાન્યાસ મહોત્સવ'માં ભૂમિપૂજન કરતા
પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૨૮-૫-૨૦૧૦)



સુરત શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ શ્રીજીમંદિર '૯મો વાર્ષિક પાટોત્સવ' તેમજ તા. ૨૧ થી ૨૭-૫-૨૦૧૦ સુધી વેડરોડને આંગણે પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી (બગસરા)ના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'



વડતાલ પ્રદેશના દેથલી (તા.માતર)ને આંગણે યોજાયેલ નૂતન મંદિરનો 'ખાતમુહૂર્ત શિલાન્યાસ મહોત્સવ'માં ભૂમિપૂજન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૨૮-૫-૨૦૧૦)



વડોદરા શહેરના મકરપુરા વિસ્તારના શ્રી સ્વા.નગરને આંગણે શ્રી સ્વા. મંદિરમાં વિરાજમાન દેવોનો વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૨-૬-૨૦૧૦)





**મીરારોડ (મુંબઈ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' અંતર્ગત તા. ૨૯ થી ૪-૬-૨૦૧૦ સુધી પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી (બગસરા)ના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'**





ગઢપુર પ્રદેશના ચારોડીયા(તા. ગારીયાધાર) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના પવિત્ર નિશ્રામાં યોજાયેલ દિવ્ય સત્સંગ સભા તથા પધરામણી (તા. ૩-૬-૨૦૧૦)





જૂનાગઢ પ્રદેશના **જીવાપર** (તા. ખાંભા)ને આંગણે યોજાયેલ **'લોટી ઉત્સવ'** પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૪-૬-૨૦૧૦)






ગઢપુર પ્રદેશના **પીપરલ્લા** ગામને આંગણે 'નૂતન સ્કુલ'નું ખાતમુહૂર્તવિધિ પૂજન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૫-૬-૨૦૧૦)



ગઢપુર પ્રદેશના વિજપડી (તા.સાવરકુંડલા)ને આંગણે યોજાયેલ નૂતન મંદિરનો 'ખાતમુહૂર્ત શિલાન્યાસ મહોત્સવ'માં ભૂમિપૂજન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૫-૬-૨૦૧૦)



ગઢપુરને આંગણે પૂ. છપૈયાપ્રકાશ સ્વામીના વક્તાપદે અને શ્રી નાનજીભાઈ પરમાર (રાજકોટ)ના યજમાનપદે યોજાયેલ કથાપારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૪-૬-૨૦૧૦)



ગઢપુર પ્રદેશના સાખડાસર ગામને આંગણે ભક્તોના નિવાસસ્થાનોએ પધરામણી કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૫-૬-૨૦૧૦)



જૂનાગઢને આંગણે યોજાયેલ શ્રી રાધારમણ દેવ આદિક દેવો
૧૮૨મો વાર્ષિક પાટોત્સવ (તા. ૨૯-૫-૨૦૧૦)

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

## :: અભયદાન સત્સંગ સભા ::

| -: સરધાર :- | -: સંપર્ક :- | -: રાજકોટ :- |
|---|---|---|
| તા. ૪-૭-૧૦, રવિવાર | શ્રી સ્વા. મંદિર - સરધાર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧. મો. ૯૮૭૯૭૫૮૫૦૩ | તા. ૨૬-૬-૧૦, શનિવાર |
| સમય :- સવારે ૮ થી ૧ | શ્રી મહેન્દ્રભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૨૨૯૫૫૮,<br>શ્રી કરશનભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૭૮૧૧૭૯ | સમય :- રાત્રે ૯ થી ૧૧ |

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ. પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત સાતમી



# શ્રી સ્વામિનારાયણ ચારધામ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

**પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)**

**તારીખ :- ૩-૮-૧૦ અષાઢ વદ - ૮ થી ૩૦-૮-૧૦ શ્રાવણ વદ - ૫ કુલ દિવસ :- ૨૮ ટીકીટ દર :- રૂા. ૨૧,૫૦૦**

## :: દર્શનીય પવિત્ર તીર્થસ્થળો ::

**નાસિક, ત્ર્યબંકેશ્વર, પંઢરપુર, રામેશ્વર, શ્રીરંગક્ષેત્ર, તિરૂપતિ બાલાજી, જગન્નાથપુરી, ભૂવનેશ્વર, સાક્ષીગોપાલ, કાશી(વારાણસી), પ્રયાગરાજ-અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, હરિદ્વાર, કનખલ, લક્ષ્મણઝુલા, ઋષિકેશ, કેદારનાથ, બદ્રિનાથ, મથુરા, વૃંદાવન, ગોકુળ, રમણરેતી, દ્વારિકા, બેટદ્વારકા, નાગેશ્વર, ગોપીતળાવ, રાજકોટ**

**ટીકીટ દર :-** ✤ યાત્રાપ્રવાસ-ભોજન તથા દર્શનની બસ વ્યવસ્થાના ખર્ચ સાથે ટીકીટનો દર એક ટીકીટના રૂા. ૨૧, ૫૦૦/- રાખવામાં આવેલ છે. ✤ બુકિંગ સમયે રૂા. ૫,૫૦૦/- ભરવાના રહેશે તેમજ બાકીની રકમ ટીકીટ દીઠ રૂા. ૧૬,૦૦૦/- યાત્રાપ્રવાસ ઉપડતા પહેલા ૩૦ દિવસે ભરી દેવાના રહેશે. **ખાસનોંધ : પાંચ વર્ષ કે તેથી ઉપરના બાળકોની સ્પેશ્યલ ટ્રેનમાં રેલ્વે બોર્ડ દ્વારા અડધી ટીકીટ અપાતી નથી, માટે તેની પણ આખી ટીકીટ જ લેવાની રહેશે.**

**યાત્રા વ્યવસ્થા :-** યાત્રાપ્રવાસ રેલ્વેની સંપૂર્ણ સ્પેશ્યલ ટ્રેન દ્વારા આયોજીત કરેલ છે. જેમાં થ્રીટાયર સ્લિપર કલાસમાં દરેક યાત્રિકને સ્વતંત્ર સુવાની સગવડતા મળશે. તેમજ આરામથી બેસીને યાત્રાને માણી શકશે. અને યાત્રાપ્રવાસ દરમ્યાન ટ્રેનમાં યા તીર્થસ્થળોએ તીર્થમાહાત્મ્ય શ્રવણ તેમજ કથા-વાર્તાનો લાભ સંતોની અમૃતવાણી દ્વારા સંપૂર્ણ યાત્રાપ્રવાસમાં મળતો રહેશે.

**ભોજન વ્યવસ્થા :-** કિચનકારથી સજ્જ સ્પેશ્યલ ટ્રેનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે શુદ્ધ અને ગાળી-ચાળીને પવિત્રપણે સંતો-ભક્તોના હાથે બનાવેલ અને ઠાકોરજીને થાળ ધરીને બંને સમય સ્વાદિષ્ટ સાત્ત્વિક ભોજન તથા સવારે નાસ્તો પીરસવામાં આવશે. **ખાસનોંધ :** યાત્રાપ્રવાસમાં કોઈને પણ બજારું ખાદ્ય પદાર્થ યા ડુંગળી-લસણ વગેરે ચીજવસ્તુઓ ટ્રેનમાં લાવવા દેવામાં આવશે નહિ.

**દર્શન તથા વાહન વ્યવસ્થા :-** ✤ રેલ્વે સ્ટેશનથી યાત્રાપ્રવાસ સૂચિના દર્શનીય સ્થાનોએ જવા આવવાના ખાસ સ્પેશ્યલ બસો વગેરે મુકવામાં આવશે. તે વાહન વ્યવસ્થાનો ટીકીટ ખર્ચમાં સમાવેશ થઈ જાય છે. ✤ ટીકીટમાં હોડી, ડોલી, ઘોડા, ટાંગા તથા જોવાલાયક સ્થળોની પ્રવેશ ફી વગેરેનો સમાવેશ થતો નથી. ✤ સ્થાનિક ટ્રાફીકના નિયમો પ્રમાણે બસનો પ્રવેશ માન્ય હશે ત્યાં સુધી જશે અને સાંકડા માર્ગો ઉપર બસ ન જઈ શકે ત્યાં ચાલીને કે પોતપોતાની રીતે જવાનું રહેશે.

---

**બુકિંગ માટે સંપર્ક :-** **શ્રી સ્વા.મંદિર - સરધાર.** ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, ૨૯૨૦૯૭૯ મો. ૯૮૭૯૭૫૮૫૦૩, ૯૪૨૮૮૯૦૨૧૧, ૭૬૦૦૦૫૮૫૦૩ (પૂ. પતિતપાવન સ્વામી). **શ્રી સ્વા.મંદિર - શ્રીજીનગર - સુરત.** મો. ૯૮૭૯૭ ૫૮૫૧૩. **ધર્મવલ્લભ સ્વામી - વડતાલ** મો. ૯૮૨૫૧ ૩૪૧૦૮. **શ્રી સ્વા.મંદિર - ડોંબીવલી.** ફો. ૦૨૫૧-૨૪૫૩૮૭૫, મો. ૯૩૨૨૭૫૩૦૫૨. **શ્રી સ્વા. મંદિર - બોરિવલી.** ફો.નં. ૦૨૨ - ૨૮૯૦૨૭૧૭. **શ્રી સ્વા. મંદિર - બગસરા.** ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧ **મનસુખભાઈ દહિસર.** મો. ૯૮૩૩૫૧૫૧૭૨. **અશોકભાઈ વિદ્યાનગર.** મો. ૯૮૨૪૪૯૩૩૮૭. **પ્રવિણભાઈ માનકુવા-ભુજ.** મો. ૯૮૨૫૭૯૫૮૫૨. **ગોવિંદભાઈ માનકુવા-ભુજ.** મો. ૯૮૨૫૫૩૭૮૪૬. **રાજુભાઈ સુખપુર-ભુજ.** મો. ૯૮૭૯૭૩૪૪૩૫. **ઈશ્વરભાઈ વિકાસ મોટર્સ - અમદાવાદ.** મો. ૯૯૨૫૦૪૪૧૦૮. **નાથાભાઈ અમદાવાદ.** મો. ૯૮૭૯૧૩૨૩૧૨. **શાંતિલાલ માણાવદર.** મો. ૯૪૨૬૧૬૭૭૦૮. **હિંમતભાઈ ધંધુકા.** મો. ૯૪૨૮૪૯૯૩૦૮. **અમરશીભાઈ ખાદી - ભાવનગર.** મો.૯૨૬૩૧૪૩૬૮. સાંકડા માર્ગો ઉપર બસ ન જઈ શકે ત્યાં ચાલીને કે પોતપોતાની રીતે જવાનું રહેશે.




વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના સંપૂર્ણ સાથ-સહકારથી જૂનાગઢ પ્રદેશના કમીગઢ (જી. અમરેલી) ગામને આંગણે નવનિર્માણ પામેલ ભવ્ય નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં અને શ્રી સુરેશભાઈ લાલજીભાઈ સાવલીયા (નાગપુર)ના મુખ્યયજમાનપદે યોજાયેલ 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૨૯-૫ થી ૪-૬-૨૦૧૦)



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના સંપૂર્ણ સાથ-સહકારથી જૂનાગઢ પ્રદેશના વડેરા (જી. અમરેલી) ગામને આંગણે નવનિર્માણ પામેલ ભવ્ય નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં અને શ્રી અરજણભાઈ તથા રમેશભાઈ (રસોયા - અમરેલી)ના મુખ્યયજમાનપદે યોજાયેલ 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૪ થી ૧૦-૬-૨૦૧૦)

Shree Swaminarayan Chintan, June - 2010 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC




વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી
ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે યોજાયેલ વિવિધ ગામોમાં ભવ્ય **'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવો...'**

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji

છબીકલા : શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦, શિવા પટેલ - બારમણ . મો. ૯૮૭૯૨૬૯૫૪૦